R.N.I. No. 14593/1957

# પગદંડી
PAGDANDI

VOL.67 ISSUE NO. 05 - AUGUST 2024 - 56 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
**Gada & Haria Pvt Ltd**
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

CA, CFP Rajesh Gada
Village : Bada
98676 23250
rajesh@gadaharia.com

CA Vipul Bheda
Village : Samaghoga
98202 22750
vipul@gadaharia.com

Vikas Vira
Village : Nagalpur
98205 20268
vikas@gadaharia.com

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ ક્યુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર ક્લિક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

# પગદંડી

ઑગસ્ટ ૨૦૨૪


## અનુક્રમણિકા



| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી<br>અનુદાન પ્રવૃત્તિઓ અને સમાજ........... | અશ્વિન માલદે.......................... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ..................................... | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન.......... | ૯ |
| પગ મેં ભમરી..........................................<br>'અમારો હાથ ઝાલો - અમે ઊભા થઈ જઈશું' | લીલાધર માણેક ગડા ................. | ૧૩ |
| કદાચ તમને પણ ગમતી હોય...................... | ડૉ. ગુલાબ દેઢિયા...................... | ૨૧ |
| મેરા ટિકિટ, મેરા ઈમાન............................... | CA સંજય ચંદન વિસનજી............. | ૨૩ |
| સૂનું કચ્છ, સૂનાં ફળિયાં.............................. | વસંત શાહ - કચ્છ કેસરી............ | ૨૯ |
| માતૃત્વ અને પિતૃત્વનો મહિમા..................... | હેમા વીરા............................... | ૩૧ |
| ભારત - ૨૦૫૦...................................... | રાજેશ સાવલા.......................... | ૩૩ |
| ૬૦ના દાયકા પહેલાંની કચ્છની સ્ત્રીઓની વ્યથા | જયંત ગણશી જાગાણી............... | ૩૬ |
| એકલતાની ઔષધી................................... | સંજય માવજી દેઢિયા.................. | ૩૮ |
| સાહિત્ય અમૃત .......................................... | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............ | ૪૦ |
| પ્રતિભાવ - પ્રતિસાદ ................................<br>'પગદંડી' જુલાઈ, ૨૦૨૪.................. | હિતેશ ખીમજી વિસરિયા.............. | ૪૪ |
| પગદંડી ને પત્ર | લીલાધર ગડા- અધા.................... | ૪૫ |
| ઉર્મિલહર................................................. | સંપાદન : વિશન નાગડા............. | ૪૬ |
| સાંત્વન.................................................... | ............................................... | ૫૧ |
| મુખપૃષ્ઠ ચિત્ર અને માહિતી......................... | પાયલ મયુર હરીશ લાલન........... | ૧૨ |



**પગદંડી કાર્યાલય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**



Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**


Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
GALA CATERERS
From the Heart of Mumbai to the
Vibrant Landscapes of Kutch !
Crafting Moments, Creating Memories
ELEVATE YOUR EVENT WITH
EXQUISITE FLAVOURS & IMPECCABLE SERVICE
GRAND WEDDINGS
ANNIVERSARY PARTIES
BUFFET CATERING
EVENT CATERING
CORPORATE CATERING
DINNER PARTIES
CONTACT US
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010/50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280

# તંત્રીસ્થાનેથી



# અનુદાન પ્રવૃત્તિઓ અને સમાજ

દરેક સમાજમાં ધનિક, મધ્યમ અને ગરીબ વર્ગ હોય છે.

દરેક સમાજમાં ગરીબો માટે ધનિકો રાહતની પ્રવૃત્તિઓ કરતા હોય છે.

Have અને have nots

ગરીબો માટે આ રાહત જરૂરી હોય છે. એમના અસ્તિત્વનો સવાલ હોય છે. Survivalનો સવાલ હોય છે.

ગરીબો માટેની આવી પ્રવૃત્તિઓ ચલાવવાની જવાબદારી મૂળભૂત રીતે સરકારશ્રીની છે. રાજ્ય કે કેન્દ્ર સરકારશ્રીની રાહતની ઘણી બધી યોજનાઓ હોય છે, જેની કદાચ બધાને જાણ પણ નથી હોતી.

આ યોજનાઓ

ઓછી આવકવાળા માટે તો હોય જ છે, પરંતુ

O.B.C., આદિવાસીઓ, અનુસૂચિત જાતિઓ વગેરે માટે અલગ હોય છે.

સ્ત્રીઓ માટે પણ ક્યાંક ક્યાંક અલગ હોય છે.

લઘુમતી જાતિઓ માટે પણ અલગથી યોજનાઓ છે.

આપણી જૈન જ્ઞાતિ લઘુમતીમાં સમાવિષ્ટ છે અને આપણી સંસ્થાઓ આપણને મળી શકનારા લાભોની વિસ્તૃત જાણકારી આપી રહી છે.

ચૂંટણીના સમયમાં આવી યોજનાઓનો રાફડો ફાટી નીકળે છે. લાડકી બહિણ, લાડકા ભાઉ વગેરે એના તાજેતરના દાખલા છે .

બધા જ પક્ષો આવી યોજનાઓ જાહેર કરતા હોય છે.

પરંતુ કૃષ્ણ કરે તો લીલા અને બીજા કરે તો....

અને એકમેક પર તૃષ્ટિકરણના આક્ષેપો કરતા રહે છે.

એક whatsappમાં ફરી રહેલ જોક પ્રમાણે એક ૩૫ વર્ષના બેરોજગાર યુવકને કંઈ કમાવાની જરૂર નથી. એની હાલની અને ભવિષ્યની બધી જરૂરિયાતો કોઈ ને કોઈ સરકારી યોજના થકી પૂરી થઈ જાય એમ છે.

ટુચકો અલગ, પણ એટલી બધી સરકારી યોજનાઓ છે એ હકીકત છે.

જરૂરી છે એની માહિતી હોવાની અને એવા સંપર્કો હોવાની જેથી એ લાભ એ વ્યક્તિને મળી શકે.

ખેર, આપણે આવીએ ધનિકો દ્વારા થતી સખાવતોની વાત પર....

- વિશ્વના સ્તરે બિલ ગેટ્સ

- ભારતના સ્તરે અઝીમ પ્રેમજી અને

- આપણા સમાજના સ્તરે આરતી પરિવાર અગ્રગણ્ય છે.

વચ્ચે એક વ્યક્તિનો ભેટો થયો, જેની પાસે કોઈક શૈક્ષણિક પ્રવૃત્તિ માટે અનુદાન લેવા જવાનું થયું હતું, એમણે સાંભળી લીધું, પીઠ પણ થાબડી કે તમો સારી પ્રવૃત્તિ કરી રહ્યા છો, પરંતુ પછી એક સવાલ કર્યો :

શું આ તમારી પ્રવૃત્તિઓ દ્વારા તમો સંપૂર્ણ જરૂરિયાત સંતોષી શકો છો.

તો ના પાડી, કે એટલું તો અમારું ગજું નથી.

તો કહે કે વિચારજો...

થોડીક સહાય જેનાથી બધી જરૂરિયાતો પૂરી નથી થતી એવી કરીને તમે એ વ્યક્તિને નિર્માલ્ય તો નથી કરી રહ્યા અને એના હક માટે લડવા કે પોતાના પગભર થવાના પ્રયત્નો માટે ઝઝૂમવામાં અવરોધરૂપ તો નથી થઈ રહ્યા.

ખેર, બધાનાં પોતપોતાનાં મંતવ્યો હોય છે.

આ બધામાં મધ્યમ વર્ગ ક્યાંય આવતો નથી.

એની સમસ્યા ખૂબ જ અલગ છે.

એ સરકારી સહાયમાં બંધબેસતો નથી.

એ ગરીબોની હરોળમાં બેસી શકતો નથી.

ક્યારેક ધનિકની હરોળમાં બેસવા પ્રયત્ન કરતો રહે છે જ અને તણાતો રહે છે.

GST અને નોટબંધીએ મધ્યમ વર્ગની કમર તોડી નાખી છે.

સરકારી યોજનાઓ મધ્યમ વર્ગ માટે નથી, પરંતુ સમાજની યોજનાઓમાં એ ન છૂટકે લાભ લેતો થઈ ગયો છે, હાથ લંબાવતો થઈ ગયો છે.

પરંતુ શું રાહતો આપવા કરતાં આપણે આપણા સાધર્મિક ભાઈને પગભર થવામાં મદદરૂપ ન થઈ શકીએ. આપણી સંસ્થાઓ હાલમાં દિશાસૂચન કરતી પ્રવૃત્તિઓ કરવાને બદલે રાહતની પ્રવૃત્તિઓમાં વધારે કાર્યરત છે.

ઘણીબધી આવી રાહતની પ્રવૃત્તિઓ ઘણીબધી સંસ્થાઓ કરી રહી છે. આપણી સંસ્થાઓ ઉપરાંત Lions, Rotary જેવી સંસ્થાઓ પણ કાર્યરત છે, પરંતુ મોટે ભાગે કાયમી નહીં, તાત્પૂરતી રાહત આપતી પ્રવૃત્તિઓ.

ઘણી વખત એમને લાભાર્થી શોધવા પડે છે.

અનાજ વિતરણ એક આવી પ્રવૃત્તિ છે.

એક NRI સાથે આવી પ્રવૃત્તિમાં સાથે જવાનું થયું.

તેમણે કહ્યું કે, અનાજ વિતરણ તમો કરો છો એ યોગ્ય જ છે.

ઘણાં વર્ષોથી કરો છો એ સારું જ છે.

પરંતુ આટલાં વર્ષોમાં લાભાર્થીની સંખ્યામાં ઘટાડો થયો. જો ન થયો હોય તો તમારે વિચાર કરવો જરૂરી બની જાય છે. એ કાયમી રીતે વર્ષાનુંવર્ષ ચાલતી રહે એ હિતાવહ નથી. એને લાભ લેનારાની યોગ્યતામાંથી બહાર નીકળવાની જરૂર છે.

આજે આપણા સમાજમાં નાણાંની રેલમછેલ છે.

દાનેશ્વરી દાતાઓ દાનની ગંગા વહાવડાવી રહ્યા છે.

શૈક્ષણિક માટે મોટાં અનુદાનો મળી રહ્યાં છે.

પરંતુ વૈદ્યકીય સહાય માટે યોગ્ય યોજના ખૂટે છે.

અને હાલ આપણા સમાજમાં નવા ખર્ચાઓમાં

કુળદેવીના જુહાર

સમૂહમાં જાજરમાન રીતે,

દેરાસરની ધજાના જાજરમાન મહોત્સવો,

ચાતુર્માસ પ્રવેશની પણ ધમાકેદાર ઉજવણી વગેરે વગેરેનું પ્રમાણ વધી રહ્યું છે.

સાદાઈભર્યાં લગ્ન, સમૂહલગ્ન પછી સ્વમાન લગ્ન અને હવે તે પણ ધમાકેદાર રીતે.

શું આપણે એ પૈસાને યોગ્ય માર્ગે ન વાળી શકીએ.

સમાજ વિચારે !

- અશ્વિન માલદે (ભુજપુર)

# પ્રમુખશ્રીની કલમે



※ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ※

## વિચારકણિકા

### બાળઉછેર / પેરેન્ટિંગ

રાતના સૂતી વખતે દાદીમા પાસેથી ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ બાળવાર્તાઓથી શરૂ થયેલ બાળયાત્રા JACK AND JILL સુધી પહોંચી ગયેલ છે. સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબ. સંયુક્ત કુટુંબમાં ૪ થી ૫ બાળકોનો સાથે થતો ઉછેર આજે વિભક્ત કુટુંબમાં ૧ બાળકની આળપંપાળ સુધી આવી ગયેલ છે. બાળઉછેર કે પેરેન્ટિંગ એક પેચીદો સવાલ થઈ ગયેલ છે. સંયુક્ત કુટુંબના વડીલોની હાજરીમાં ઊછરી રહેલ બાળકો સહજ રીતે મોટાં થતાં ગયેલ અને વડીલોની આમન્યા કેવી રીતે રાખવી એ એમને નાની ઉંમરથી સમજમાં આવી જતી હતી. વડીલોના અનુભવી ભાથામાંથી વહેલી વાતો અને શિખામણોથી થતો બાળઉછેર હવે આજનાં યુવા માતા-પિતા માટે મનોવૈજ્ઞાનીક રીતે ખૂબ જ અઘરો સાબિત થતો જાય છે. હાલનો જમાનો અઘરો છે. શિક્ષિત યુવા મા-બાપ નોકરી-ધંધા માટે મોટાં શહેરોમાં રહેતાં હોઈ સમયના અભાવે સહજ પેરેન્ટિંગ એમના માટે મુશ્કેલ છે અને એમના કુનેહની કસોટી થતી હોય છે.

આમ આપણે બાળઉછેર માટેના આવશ્યક મુદ્દાઓ તરફ ધ્યાન આપીએ તો પ્રથમ એ જ આવે છે કે આપણું બાળક જેવું છે એવું એને પ્રેમથી સ્વીકારવું. અન્ય બાળકો સાથે સરખામણી નહીં કરવાની કે અન્ય બાળક સામે એને ઉતારી નહીં પાડવાનું. બાળકનો સહજ સ્વીકાર એનામાં આત્મવિશ્વાસનો વધારો કરતો રહેશે જે આગળ જતા એક તેજસ્વી બાળકના સ્વરૂપમાં આપણને જોવા મળશે. એવી જ રીતે બાળમાનસને સમજવાની બધી જ કોશિશો આપણને કરવાની રહેશે. બાળકોને સમજવાની તાલીમ ખૂબ જ અઘરી હોય છે. બાળમાનસ સાથે આપણું મગજ તાલમેલ કરી લે તો બાળઉછેર ખૂબ જ સહજ બની જાય છે અને જોઈતાં પરિણામો આપણે હાંસલ કરી શકીએ છીએ. એવી જ રીતે બાળકની જાહેરમાં ટીકા કરવાનું બંધ કરી તેને ટેકો આપવાનો હોય છે. પા-પા પગલી માંડી આ સંસારમાં આવતા બાળકને

ડગલે ને પગલે તમારા ટેકાની જરૂરી પડવાની. બાળસહજ રીતે ભૂલોને સ્વીકારી એની સાથે મજબૂત ટેકા સાથે ઊભા રહેવાથી એનામાં આત્મવિશ્વાસનો સંચાર થશે અને આ બાળક યુવા વયે ખૂબ જ સકારાત્મક ભાવ સાથે પોતાનું ભવિષ્ય કંડારી શકશે.

આ બધી બાબતો માટે આપણને બાળક માટે યોગ્ય અને જરૂરી એવો સમય ફાળવવો પડશે. બાળકને અપાતી સૌથી મોંઘી ભેટ-સોગાદ હોય તો એ છે એની સાથેનો તમારો Quality Time. આ જ સમય તમારા બાળકમાં ખૂબ જ ઉત્સાહ અને ઊર્જાનું નિર્માણ કરશે. બાળક પોતાની અંગત બાબતો પણ તમારી સાથે Share કરતો થઈ જશે. એક સારી વસ્તુ પેરેન્ટિંગ માટે એ છે કે આજનાં યુવા માતા-પિતા સૌમ્ય અને ભાવનાત્મક રીતે બાળકનું પાલન-પોષણ (Gentle parenting) કરતાં થઈ ગયેલ છે અને આ પદ્ધતિ ઝડપથી લોકપ્રિય બની રહેલ છે. તોફાન કરતાં અને રિસાયેલાં બાળકોને મનાવવા માટે ઘણી વખત માતા-પિતા માર-પીટ કરતાં હોય છે અથવા જોરજોરથી બૂમો પાડી ધમકાવતાં હોય છે.

આ બાળકોને સહેજ પ્રેમથી શાંતચિત્તે સમજાવવાથી સુંદર પરિણામો લઈ આવી શકાય છે. સમજદારીથી બાળકોના સ્વભાવમાં પરિવર્તન લાવી શકાય છે અને સ્નેહસભર સંબંધોથી બાળક વધુ જિજ્ઞાસુ, આત્મનિરભર અને સ્વતંત્ર બને છે.

જેન્ટલ પેરેન્ટિંગ આજના જમાનાની માંગ છે. ઈલેક્ટ્રોનિક માધ્યમો જેવા કે ટીવી, મોબાઈલના સમયમાં બાળકોના સર્વાંગી વિકાસની પ્રક્રિયા ખૂબ જ જટિલ બનતી જાય છે. આ ટીવી-મોબાઈલની લત માટે કદાચ આપણે પણ જવાબદાર હોઈએ છીએ અને સમય જતા આ જિદ બાળકોના વિકાસમાં અવરોધક બની જતી હોય છે. Out door Games માટે બાળકને સમય પણ નથી રહેતો અને ટીવી-મોબાઈલની આદતના લીધે બાળક મેદાની રમતો પ્રત્યે દુર્લક્ષ કરતો થઈ જાય છે. Single Childના જમાનામાં બાળકનો ઉછેર વધારે પડતા લાડ-કોડથી થતો જોવા મળે છે.

૫ થી ૧૫ વર્ષની વયનો સમયગાળો બાળકના સર્વાંગી વિકાસ માટે ખૂબ મહત્ત્વનો છે. બાળકોના જીવનમાં પ્રાથમિક શિક્ષણ અને ઘડતરનો પાયો આ જ ઉંમરમાં નખાતો હોય છે. બાળકોમાં નવું શીખવાની એક ગ્રહણશક્તિ આ જ ઉંમરમાં મહત્તમ હોય છે. ક.વી.ઓ. સેવા સમાજે લગભગ છેલ્લા એક વરસથી આ બાબતને ગંભીરતાથી લઈને અમારી કાઉન્સિલિંગ

સમિતિ દ્વારા મુંબઈ અને પરાંમાં બાળઉછેર માટે ૬ (છ) જેટલા વર્કશોપ સમાજના અગ્રણી કાઉન્સિલરોના સહયોગથી યોજેલ જેમાં બહોળો પ્રતિસાદ મળેલ અને મા-બાપનાં સલાહ-સૂચનોને ધ્યાનમાં રાખી બાળઉછેરને લગતી અંગત સમસ્યાનો ઉકેલ માટે One to one કાઉન્સિલિંગ માટે આગામી દિવસોમાં બોરીવલી-ડોંબિવલી-માટુંગા અને ગોરેગામ ખાતે કાઉન્સિલિંગ સેંટરોનું આયોજન કરવામાં આવેલ છે. સમાજના અનુભવી કાઉન્સિલરો એમાં પોતાની માનદ સેવાઓ આપશે. આ સમગ્ર પ્રક્રિયા માટે આપણી સ્થાનિક સંસ્થાઓ અને સેવા સમાજના શુભચિંતકોનો ખૂબ જ સુંદર સહયોગ મળેલ છે.

સર્વાંગી વિકાસ પામેલ આવનાર સમાજ માટે એક અનેરી ભેટ હશે અને આવાં બાળકો આવતી કાલના સમજદાર નાગરિક હશે.

આવનાર દિવસોમાં આ જ બાળકો સમાજને નવી દિશા તરફ આગળ લઈ જશે અને સેવા સમાજના આ યજ્ઞમાં આપ સર્વેના સાથ-સહકારની અપેક્ષા સાથે.

મો. : ૯૩૨૨૯૫૫૮૮૦


# મુલચંદ લાલજી એન્ડ કાં.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

INCREDIBLE INDIA

# વંદે માતરમ મેમોરિયલ ભૂજોડી - કચ્છ



આ ૧૫ ઑગસ્ટે જ્યારે ભારત પોતાનો ૭૮મો સ્વતંત્રતા દિવસ ઊજવશે, ત્યારે આપણે એ સ્વતંત્રતાની અને એને મેળવવા કરેલા સંગ્રામની વાતો યાદ કરીએ. ૧૮૫૮થી ૧૯૪૭ના બ્રિટિશ શાસન પછી ભારતને સ્વતંત્રતાની ખૂલી હવા મળી ત્યારે એ આઝાદી મેળવવા આપેલ સેંકડો કુરબાનીઓને પણ યાદ કરવી જોઈએ.

આઝાદીની મુક્ત હવામાં જન્મેલી આજની આપણી પેઢીને બ્રિટિશ શાસન, એના કાળા કાયદાઓ અને આપણા વડવાઓએ એ કાળા શાસન સામે કરેલા સંઘર્ષનો કોઈ અંદાજ નથી. આજે આપણે જે આઝાદીનાં મીઠાં ફળ માણી રહ્યા છીએ, એની પાછળ કેટલાંય નામી-અનામી ત્યાગ અને બલિદાનોનું પરિણામ છે.

ઑગસ્ટ મહિનાના પગદંડીના કવરપેજ પર છે આવા જ વીરોની અને એમના બલિદાનોની વાત કરતા ''વંદે માતરમ મેમોરિયલ''ની. ''વંદે માતરમ મેમોરિયલ'' એક અદ્ભુત સંગ્રહાલય છે, જે ભુજથી ૧૩ કિલોમીટરના અંતરે, ભુજોડીમાં અંદાજે ૧૨ એકરમાં ફેલાયેલું છે.

વંદે માતરમ મેમોરિયલની વિશેષતા એ છે કે અહીં સ્વતંત્રતા ચળવળના ૧૪ નિર્ણાયક સંઘર્ષોને અહીં 4D ટેક્નોલૉજીની મદદથી જીવંત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રોજ સૂર્યાસ્ત પછી અહીં રંગબેરંગી રોશનીના ઝળહળાટ સાથે ૧૨ મિનિટનો સુંદર Facade Show થાય છે, જે પણ ખરેખર માણવા જેવો હોય છે.

આ મ્યુઝિયમનો ઉદ્દેશ્ય દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે આદર નિર્માણ કરવાનો છે. દરેક ભારતીય જેઓ પોતાના મૂળ સાથે ફરી જોડાવા આતુર છે, જેઓ રાષ્ટ્રીય ગૌરવની ભાવનાનો નવીનીકરણ અને પુનઃ સ્થાપિત કરવા માંગે છે. એમને માટે આ મેમોરિયલની મુલાકાત એક યાદગાર અને સુખદ્ અનુભવ બની રહેશે.

*ફોટો અને માહિતી :*
પાયલ મયુર હરીશ લાલન, કોડાય
*મો.: ૯૮૧૯૫૨૨૨૧૦*



લીલાધર માણેક ગડા-અધા

# 'અમારો હાથ ઝાલો - અમે ઊભા થઈ જઈશું'

સિંધ જ્યાં વિશ્વની પ્રથમ સંસ્કૃતિ અને સભ્યતા પૈકીની એક સિંધુ સંસ્કૃતિ વિકાસ પામી હતી તે આજે પાકિસ્તાનનો એક જિલ્લો છે. સિંધ અને કચ્છના સંબંધો આઝાદી પહેલાં તાણાવાણાની જેમ ગુંથાયેલા હતા. બેઉ જિલ્લા વચ્ચે રોટીબેટીનો વહેવાર હતો. માંડવી-કરાંચી, ખાવડા-રહીમકી બજાર, રાપરનાં બેલા-લોદ્રાણી-નગરપારકર આ ત્રણ માર્ગે વગર પાસપોર્ટ અને વિઝાએ આઝાદી પછી પણ અવરજવર બેરોકટોક ચાલુ હતી. આઝાદી સમયે કાશ્મીર, પંજાબ, બંગાળ વચ્ચેની સરહદો સળગી હતી, બેહિસાબ કત્લેઆમો થઈ હતી. લાખોની સંખ્યામાં સ્થળાંતર થયેલા લોકો નિરાશ્રિત બની ગયા હતા. ત્યારે કચ્છ-સિંધની સરહદ પર છમકલું પણ થયું ન હતું. આઝાદી સમયે બંગાળના હિંદુ-મુસ્લિમની વસ્તીના આધારે ઈલાકાઓનાં ભાગલા પડ્યા, વહેંચણી થઈ અને પૂર્વ બંગાળ (પાકિસ્તાન) અને પશ્ચિમ બંગાળ (ભારત) બે રાજ્યો બન્યાં. સિંધ પ્રાંતની વહેંચણી વસ્તીના આધારે થઈ નહીં. પાકિસ્તાનના સિંધ રાજ્યમાં નગરપારકર જિલ્લાની ભાગલા વખતે ૮૦ ટકાથી વધારે વસ્તી હિંદુઓની હતી તોપણ નગરપારકર જિલ્લાનો રાજસ્થાન (ભારત)માં સમાવેશ થયો નહીં અને એ જિલ્લો પાકિસ્તાનનો હિસ્સો બની ગયો. નગરપારકરની વસ્તીમાં મુખ્યત્વે સોઢા-રાજપૂત, ગઢવી, કોલી સમુદાયો મુખ્ય હતા તથા તેમની સાથે જૈનો અને હરિજનો પણ હતા. આઝાદી સમયે જૈનોએ અગાઉથી સ્થળાંતર કર્યું હતું. નગરપારકર જિલ્લામાં આજે જૈન મંદિરો અને ધર્મશાળાઓ જીર્ણ દશામાં છે. છેલ્લા સમાચારો મુજબ પાકિસ્તાન સરકાર જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર કરશે. ૧૯૪૭થી ૧૯૬૪ - ૧૭ વર્ષ સુધી કચ્છ-સિંધ સરહદો તદ્દન શાંત હતી. સ્ટીમર સરસ્વતી અને સાબરમતી મુંબઈ-માંડવી-કરાંચી વચ્ચે પ્રતિ સપ્તાહ અવરજવર કરતી હતી. ખાવડા થી રહીમ કી બજાર અને લોદ્રાણી - બેલા (રાપર તાલુકા) અને નગરપારકર વચ્ચે રણ વાહન ઊંટો દ્વારા માત્ર અવરજવર નહીં, પરંતુ વ્યાપાર-રોજગાર સબ સલામતપણે ચાલતા હતા. પાકિસ્તાને ૧૯૬૫માં છાડ બેટ પર લશ્કર મોકલી શાંત વાતાવરણને ડહોળી મૂક્યું અને ૧૯૭૧માં રીતસરનું આક્રમણ કર્યું.

૧૯૬૫ સુધી ભારત સરકારે કચ્છ-સિંધ બોર્ડરના સંરક્ષણ માટે કાળજી કરી ન હતી. ૩૦૦ કિલોમીટરથી વધારે લાંબી સરહદ પર સિપાહીઓની નાની ટુકડીઓ દશેક થાણાં પર સ્થિર હતી, જેમની પાસે મર્યાદિત સંખ્યામાં હથિયારો હતાં. સામે પક્ષે પાકિસ્તાને પૂરતી તૈયારી સાથે આક્રમણ કર્યું હતું. આપણા જવાનોએ રંગ રાખ્યો અને ખૂબ જ બહાદુરીથી રક્ષણ કર્યું અને કચ્છ પાકિસ્તાનના હાથમાં જતું બચી ગયું. તોપણ આશરે ૩૫૦ ચો. કિલોમીટર જેવો પ્રદેશ આપણો ગુમાવ્યો જેમાં છાડ બેટ હતું. આમાંથી ભારતે બોધ પણ લીધો અને સરહદ પર ચૌકીઓ સ્થાપી બંકરો ઊભાં કર્યાં. સંરક્ષણ હરોળ મજબૂત કરી તેથી પાકિસ્તાને ફરી ૧૯૭૧માં આક્રમણ કર્યું, ત્યારે આપણા લશ્કરે જડબાતોડ જવાબ આપ્યો. આપણા લશ્કરે નગરપારકર કબજે કર્યું હતું અને બદીન સુધી લશ્કર પહોંચી ગયું હતું. આપણા લશ્કરે કબજો કરેલો વિસ્તાર સિમલા કરારની સમજૂતી અનુસાર પાછો સોંપવો પડ્યો. સમરાંગણમાં વિજય અને મંત્રણાના મેજ પર શરણાગતિ જેવું થયું.

૧૯૬૫થી ૧૯૭૧ દરમ્યાન પાકિસ્તાનના સિંધ જિલ્લામાંથી હિંદુઓનું સ્થળાંતર થતું રહ્યું, જેમાં દક્ષિણ મધ્ય સિંધમાંથી મારવાડા અને મહેશ્વરી હરીજનો તથા નગરપારકરમાંથી સોઢા, રાજપૂતો, ગઢવીઓ અને કોલીઓના સમુદાયો હતા. મારવાડા હરિજનો પચ્છમ, ખાવડા અને રૂદ્રમાતા વિસ્તારમાં સ્થિર થયા. મહેશ્વરી હરીજનો મુખ્યત્વે કંડલા - ગાંધીધામ વિસ્તારમાં તથા કચ્છનાં અન્ય છૂટાંછવાયાં ગામડાંમાં ગોઠવાઈ ગયા.

લખપત તાલુકાનાં જે ગામડાં મુસ્લિમ વસ્તીના પાકિસ્તાનમાં થયેલ સ્થળાંતરને કારણે ખાલી થઈ ગયાં હતાં તે ગામડાંમાં સોઢા, રાજપૂતો અને ગઢવીઓનું પુનર્વસન થયું. સ્થળાંતર પછીના એક દાયકાની અંદર-દશેક વર્ષમાં ગઢવી, સોઢા અને હરિજન સમુદાયો ઠરીઠામ થઈ ગયા. ગઢવી અને સોઢા ભાયાતોની સ્થાનિક વસ્તીની રાજકીય વગ પણ સારી હતી. સરકારે શરૂઆતનાં વર્ષોમાં એમને માટે રાહત છાવણીઓ શરૂ કરી. ત્યાર પછી એમને જમીનો પણ આપી, જ્યાં ડેમો પણ બાંધ્યા. ખેતી માટે તથા અન્ય ધંધાઓ માટે સરળતાથી લોનો પણ મળી અને આ સમુદાયો સારી રીતે સ્થિર થઈ ગયા.

કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખપદે સ્થળાંતર કરેલ સોઢા, રાજપૂત ભાઈ રહ્યા છે. લખપત તાલુકા કૉંગ્રેસ કમિટીમાં પ્રમુખપદે પી. સી. ગઢવી સાહેબ છે, જેઓએ નગરપારકરથી સ્થળાંતર કર્યું છે. એકમાત્ર કોલી સમુદાય એવો છે જે અત્યાર સુધી સ્થિર થઈ શક્યો નથી. નગરપારકરથી

સ્થળાંતર કરનારા કોલીઓ અહીં પારકરા કોલી તરીકે ઓળખાયા. પારકરા કોલીઓએ નગરપારકરથી લોદ્રાણી અને બેલા રસ્તે રાપર તાલુકાનાં ગામડાંની બહાર થોડાથોડા પરિવારોએ વાંઢો બનાવી વસવાટ કર્યો, જ્યારે થોડા પરિવારો ઉત્તર ગુજરાતમાં પાટણ-બનાસકાંઠા જિલ્લામાં સ્થિર થયા. રાપર તાલુકાની વાંઢોમાં રહેતા પારકરા કોલી પરિવારો ગામજનોની મહેરબાનીથી રહેતા હતા અને આમ કહીએ તો તેઓ ગામજનોનાં ઓશિયાળા હતા. પારકરા કોલી સ્વભાવે રાંક, સરળ, નિર્દોષ અને સહન કરનારી પ્રજા છે જેની સામે સ્થાનિક કોલીઓ જેમની ઓળખ દેશી કોલીઓ તરીકેની છે તેઓ સ્વભાવે અસહિષ્ણુ હોય છે.

પારકરા કોલી માટે કોઈએ કશું કર્યું નહીં. પોતે સ્વયં પોતાના માટે માગી શકે અને જરૂરત પડે તો લડી શકે એવું ખમીર પણ ન હતું. ધરતીકંપ વખતે કચ્છ નવનિર્માણ અભિયાને પારકરા કોલીના ૧૪૫૦ પરિવારો માટે ટેમ્પરરી આવાસો બનાવ્યા જે સમયાંતરે જર્જરિત થઈ ગયા. જ્યાં બે ટંક ખાવાનું પૂરું ન મળતું હોય ત્યાં આ અસ્થાયી આવાસોની મરમ્મત થઈ શકી નહીં, પરિણામે ૭૫ ટકા મકાનો હવે રહેવાલાયક નથી છતાં અન્ય પર્યાય ન હોવાથી આશરે એક હજાર પરિવારો આ ભગ્ન, જર્જરિત ઘરોમાં અથવા એ ઘરોને બદલે ઝૂંપડાંઓ બાંધી રહે છે.

એક નજર આપણે આ પરિવારોની વર્તમાન હાલત પર નાખીએ. રાપર તાલુકાનાં ગામડાંથી અડધો કિલોમીટરથી પાચ કિલોમીટર દૂર, જ્યાં પાણીની સગવડ મળે તેવી જગ્યાઓએ ઝૂંપડાંઓ બાંધી રહે છે. આ રહેણાકો વાંઢો તરીકે ઓળખાય છે. આવી ૩૬ વાંઢોમાં આશરે ૧૨૦૦૦ની પારકરા કોલીઓની વસ્તી છે, જ્યારે ૩૦૦૦ જેટલા કોલીઓ રાપર, ભચાઉ અથવા વાગડનાં ઈતર મોટાં ગામડાંમાં ગોઠવાઈ ગયા છે. એમની પાસે રાશન કાર્ડ, આધાર કાર્ડ, મતદાર કાર્ડ બધું છે, જ્યારે વાંઢોમાં રહેતા અડધોઅડધ કોલીઓ પાસે આવા કોઈ કાર્ડ નથી. પારકરા કોલીઓમાં શિક્ષણનું પ્રમાણ માંડ દસ ટકા જેટલું હશે. આ સમુદાયમાં અંધશ્રદ્ધા, અજ્ઞાનતા અને કુરિવાજો વ્યાપક છે. લગભગ દરેક દીકરા-દીકરીનાં બાળલગ્ન થાય છે. આમ જોઈએ તો જીવનની પ્રાથમિક જરૂરિયાતો, આહાર, આવાસ, આજીવિકા, આરોગ્ય અને અભ્યાસ આ બધું ત્રુટકત્રુટક માત્રામાં મળે છે. વર્ષમાં માત્ર ચોમાસાના ચાર મહિના અને આગળ પાછળ એક મહિનો એમ છ મહિના મજુરી મળે છે. બાકીના છ મહીના દરમ્યાન મહીને દસ બાર દિવસ મજૂરી મળે અથવા જંગલમાં કોલસા પાડવાનું, મધ એકત્રીત કરવાનું અને ખાણોમાંથી સ્ફટિક પથ્થરો કાઢી વેચવાનું કામ કરવાનું હોય છે. આ પ્રજા પાસે અન્ય કોઈ હુન્નર પણ નથી. મજૂરી કરવી એમની

મજબૂરી છે, એટલે ઉચ્ચ વર્ણોના લોકો એમને ખેતમજૂર તરીકે પૂરતો પગાર પણ નથી આપતા. કોલસો, મધ કે પથ્થર ભેગા થાય એટલે આડેસર અથવા રાપર વેચવા જાય અને એ માલ જે ભાવ મળે તે ભાવે વેચવો જ પડે, કારણકે એ પૈસા મળે તો જ પરિવારનું પેટ ભરાય. કચ્છમાં ગામડાંમાં હવે અન્યત્ર શોષણ નથી થતું, પરંતુ પારકરા કોલીઓનું સતત શોષણ થાય છે. અલબત્ત કચ્છના ઔદ્યોગિક પટ્ટામાં મજૂરોનું અન્ય પ્રકારે શોષણ થતું રહે છે. વાંઢોમાં સરકારે વિદ્યુત જોડાણ આપ્યું છે, પરંતુ વીજળી નિયમિતપણે મળતી નથી. વાંઢોમાં રાઈટ ટુ ઍજ્યુકેશન કાયદો આવ્યા પછી પ્રાથમિક શાળાઓ શરૂ થઈ છે, પરંતુ એ શાળામાં શિક્ષકો નિમમિત આવે એની કોઈ ગૅરંટી નથી કારણકે ઘણી વાંઢો ગામથી દૂર ત્રણ કિલોમીટર થી પાંચ કિલોમીટરનાં અંતરે છે અને શિક્ષકો ગામથી દૂર મોટાં ગામોમાં પંદર થી વીસ કિલોમીટર અંતરે રહેતા હોય એટલે શાળામાં પહોંચવા માટે વીસથી પચીસ કિલોમીટર અંતર કાપવું પડે. અમુક વાંઢોમાં સરકારે ટાંકા બાંધી ત્યાં ટૅન્કરો વડે પીવાનું પાણી પહોંચાડે છે. આ ટાંકાઓ સાફ થતા નથી અને ટૅન્કર બગડી જાય તો ચાર-પાંચ કિલોમીટર દૂરથી માથે બેડામાં પાણી લાવવું પડે. શાળાઓમાં અન્ય સુવિધાઓનો પણ અભાવ છે. પાંચ ધોરણથી આગળ ભણવા માટે ત્રણથી પાંચ કિલોમીટર દૂર જવું પડે, એટલે કન્યાઓનું ભણતર પાંચથી આગળ જતું નથી અને માંડ વીસ ટકા બાળકો પાંચ ધોરણથી આગળ ભણતાં હોય છે. કન્યાનાં લગ્ન ૧૪થી ૧૬ વર્ષે અને દિકરાનાં લગ્ન ૧૬થી ૧૮ વર્ષની ઉંમરે થઈ જાય છે. ત્રીસેક ટકા પરિવારો સ્થળાંતર કરતા હોય છે જેનું કારણ છે જ્યાં મજૂરી મળે ત્યાં જવું અને ફરી પાછું જૂની જગ્યાએ આવી જવું. એટલે બાળકો અભ્યાસ પણ પૂરો નથી કરી શકતાં. વર્ષના છ મહીના આ વાંઢો સુસ્ત અને શુષ્ક બની જાય છે. કોઈ કામ નહીં, કોઈ હુન્નર નહીં. માનો કે અહીં જિંદગીમાં એક નિર્જીવ પડાવ આવી ગયો છે. પ્રગતિશીલ કચ્છમાં પારકરા કોલીઓની હાલત, મજબૂરી, શોષણ એક કલંક સમાન છે. આરોગ્ય સેવાઓના ઓછાયા પણ ત્યાં પડતા નથી.

આમ તો પારકરા કોલીઓની હાલત અંગે મર્યાદિત જાણકારી હતી. પરંતુ એનો તાદૃશ પરિચય ભોજાય સર્વોદય ટ્રસ્ટના નેત્રરક્ષા અભિયાનના અમલીકરણ વખતે થયો. આ કાર્યક્રમ અંતર્ગત કચ્છમાં સુદૂરનાં ૫૦૦થી વધારે ગામડાંમાં મેડિકલ ટીમ દ્વારા આંખોની તપાસ, દવાઓ સ્થાનિકે આપવાની હતી અને ઑપરેશનો ભોજાય અને ભચાઉની હૉસ્પિટલમાં કરવાનાં હતાં. રાપર તાલુકા અને ખડીર વિસ્તારનાં તમામ ગામો અને વાંઢોની જવાબદારી વાગડ વેલ્ફેર સોસાયટી હૉસ્પિટલે સ્વીકારી હતી. વાગડની ટીમના ઈશ્વરભાઈ

ઓઝાએ વાંઢોની મુલાકાત લીધી ત્યારે એમણે અમને પારકરા કોલીઓની હાલત અંગે રજૂઆત કરી. આ સમય દરમ્યાન જળ મંદિર કાર્યક્રમ હેઠળ રાપર તાલુકામાં તળાવો નિર્માણ કરવા માટે જયેશ લાલકાએ વાંઢોની મુલાકાત લીધી અને પારકરા કોલીઓની દર્દનાક પરિસ્થિતિનું વર્ણન કર્યું. અમે સૌ ભીતરે હચમચી ગયા હતા. ગયા વર્ષનાં જૂન મહીનામાં આવેલા બીપરજોય વાવાઝોડા વખતે આ સમુદાયનાં મોટા ભાગના પરિવારોનાં ઘરો કે ઝૂંપડાંનાં છાપરાં ઊડી ગયાં હતાં. એમની પાસે જે પણ થોડોઘણો સામાન હતો એ પલળી ગયો હતો અને છત વગરનાં ઘરમાં રહેવાય તેમ ન હતું. આ પૈકી ૨૫૦ પરિવારોને તાત્કાલિક ધોરણે એકથી દોઢ મહિનાની રાશન કીટ અને ૨૪x૨૦ની એક તાડપત્રી પહોંચાડવામાં આવી હતી. વિતરણની કામગીરી દરમ્યાન આ વાંઢોની મુલાકાત લીધી અને પારકરા કોલીઓ સમુદાયના મૂળભૂત પ્રશ્નોના નિરાકરણ માટે કામ કરવાનો નિર્ણય લીધો. આ કામ સરળ ન હતું અને આયોજન પણ લાંબા ગાળાનું કરવાનું હતું.

પ્રથમ તબક્કે ચાર થી પાંચ વાંઢોમાં આ સમુદાય સાથે કામ કરવાનું નક્કી કર્યું. આ શુભ કાર્યમાં પાંચ સંસ્થાઓ જોડાઈ. કચ્છ નવનિર્માણ અભિયાન, ગ્રામ સ્વરાજ સંઘ, ભોજાય સર્વોદય ટ્રસ્ટ, માનસી અને વાગડ વેલ્ફેર હૉસ્પિટલ. દરેક સંસ્થા વતી જયેશભાઈ લાલકા, ધર્મેન્દ્ર પરમાર, લીલાધર ગડા, ગીતાબેન ગાલા અને ઈશ્વરભાઈ ઓઝા. માનવજીવનને સ્પર્શતી પાંચ બાબતો પૈકી જે બાબત અંગે નક્કર કાર્ય થઈ શકે તેને પ્રાથમિકતા આપવાની હતી. સંકલનની મુખ્ય જવાબદારી જયેશભાઈ લાલકા અને ફિલ્ડ વર્કનું કાર્ય ધર્મેન્દ્રભાઈએ સ્વીકાર્યું છે. પારકરા કોલીઓ રાંક, નિર્દોષ, શરમાળ અને જલદી પરજન સાથે ભળતા નથી. આમ પણ ઈતર કોમ, સરકારીઓ અને ફોરેસ્ટ ખાતાની એમને સતત કનડગત થતી હોય છે. એમના વસવાટમાં કોઈ બહારની વ્યક્તિ જાય એટલે કોઈ બહાર આવે નહીં. એકાદ-બે જણ આવે, પણ મન ખોલીને કોઈ વાત કરે નહીં. એમનો વિશ્વાસ સંપાદન કરવો એ મુખ્ય કામ હતું. એમની સાથે ભાઈચારો કેળવવો એ પણ જરૂરી હતું, ધર્મેન્દ્રભાઈ વર્ષોથી એ સમુદાય સાથે કામ કરે છે એટલે અમારે માટે વિશ્વાસ અને ભાઈચારો મેળવવામાં બહુ તકલીફ ન પડી. અમે પ્રથમ તબક્કે છ વાંઢોના ૧૪૪ પરિવારો પૈકી સૌથી વધારે જરૂરતમંદ હોય એવા પરિવારો સાથે આવાસ (ઘરો) માટે અને બધા ૧૪૪ પરિવારો માટે એમની જરૂરત પ્રમાણે કાર્ય કરવા અંગે સર્વે કર્યું.

સૌ પ્રથમ આ વાંઢોની આસપાસ જ્યાં વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે એવી તળ



જમીનો તથા પુરાઈ ગયેલી તળાવડીઓનું સર્વેક્ષણ કરી ત્યાં જળ મંદિર નિર્માણ કરવાનું શરૂ કર્યું જેની સમગ્ર કાર્યવાહી જયેશભાઈએ સંભાળી. પારકરા કોલીના થોડા પરિવારો ઘેટાં-બકરાં ઉછેરે છે અને એનાથી પ્રાપ્ત દૂધ અને ઊન પર તેઓ નભે છે. ચારો અનો પાણી એ બો મુખ્ય જરૂરિયાતો છે. બકરી કે ઘેટું ચારો ગમે ત્યાં ફરી પ્રાપ્ત કરી લે છે, પરંતુ પાણી ગમે ત્યાંથી મળતું નથી, એનો બારમાસી સંગ્રહ કરવો પડે છે. ફાગણ ઊતરતા તળાવડીઓમાં પાણી ખૂટે એટલે એમને જ્યાં પાણી અને ચારો મળે ત્યાં સ્થળાંતર કરવું પડે છે. આ વાંઢોમાં જ્યાં જ્યાં પાણી સંગ્રહની શક્યતાઓ હતી, તેવી આઠ વાંઢોમાં જળ મંદિરો નિર્માણ થયાં છે. હવે આ વાંઢોમાં સારો વરસાદ પડે તો બાર માસી પાણી ઉપલબ્ધ થશે. જયેશભાઈ હકીકતમાં વૉટરમૅન છે. જળ મંદિર કાર્યક્રમ અંતર્ગત પ્રતિવર્ષ ૭૦થી ૮૦ જળ મંદિરો દુર્ગમ



ઈલાકાઓમાં ઊભાં કરે છે. આ જળરાશી માટે ધનરાશી મુખ્યત્વે કન્સર્ન ઈન્ડિયા ફાઉન્ડેશન, આરતી ફાઉન્ડેશન તથા વત્તેઓછે અંશે પગદંડીના વાચકો તરફથી પ્રાપ્ત થાય છે.

બહુ ઓછા કોલી પરિવારો પાસે પોતાની ખેતીલાયક જમીન છે. ઘણા પરિવારો સરકારી જમીન પર ચૂપચાપ વર્ષોથી ખેતી કરે છે. આવા પંદરેક પરિવારો સાથે વ્યવસ્થિત ખેતી કરવામાં આવે એ માટે કામ શરૂ કર્યું છે. અત્યાર સુધી તેઓ વરસાદ પડે એટલે વાવણી કરે અને મોલ પાકે ત્યારે લણી લેવાનું કામ કરતા હતા. જયેશભાઈએ આ ખેતરોને ટ્રૅક્ટર દ્વારા સમતળ કરી, ખેડ કરી, બંધપાળા કર્યા જેથી પાણી સચવાઈ રહે. આ પ્રયોગ સફળ રહ્યો. આપણે ટ્રૅક્ટરનો રૂા. ૨૨૦૦૦/- ખર્ચ કર્યો જેની સામે ભૂરાવાંઢના દશ કોલી પરિવારોને બાર મહિનાનો બાજરો અને મગ મળ્યા અને જીરું (ઈસબગુળ)નો શિયાળો પાક વધારાનો થયો. અત્યાર સુધી માંડ બે ગૂણી બાજરો મળતો હતો. અમારી ચોમાસા પછીની ભૂરા વાંઢની મુલાકાત વખતે આ પરિવારોએ આભાર વ્યક્ત કરતા એટલું જ કહ્યું કે આપ અમારો હાથ ઝાલો, અમે પોતે ઊભા થઈ જઈશું.

એમને ઊભા કરવાનો બીજો એક પ્રયોગ એમનાં ભાંગેલાં જર્જરિત મકાનો રિપૅરિંગ કરી ખડાં કરવાનો હતો. આપને વિદિત હશે કે ધરતીકંપ પછી પશ્ચિમ અને દક્ષિણ કચ્છનાં ગામડાંમાં ઘરો બાંધવાની પ્રક્રિયા ધરતીકંપ પછીના બીજા મહિનાથી ભોજાય સર્વોદય ટ્રસ્ટની પ્રેરણા અને જન ભાગીદારીથી થઈ હતી, જેના પાયામાં ''માણસને ઊભો કરો ઘર ઊભાં થઈ જશે'' એ સિધ્ધાંત હતો જે ત્યાર પછી વિશ્વ સમુદાયે OWNER DRIVEN RECONSTRUCTION (ODR) તરીકે






સ્વીકાર્યો હતો. સંસ્થા લાભાર્થીને માલ-સામાન લઈ આપે અને લાભાર્થીઓ સહકારી ધોરણે એકબીજાનાં ઘરો બાંધવામાં મદદ કરે.

આ જ સિધ્ધાંતને આધારે અહીં યોજના ઘડાઈ. એમના ૨૪૦ સ્કે. ફૂટનાં જર્જરિત ઘરોને રિપૅરિંગ કરવા માટે આશરે બાવીસથી પચીસ હજાર રૂપિયાનો માલ-સામાન જોઈએ. આ વાંઢોમાં ૭૦થી ૮૦ મકાનો ખડાં કરવાનાં હતાં. ફરી એકવાર આરતી પરિવારે આવી જન ભાગીદારીથી ઘરો ઊભા થતાં હોય તો ૨૦૦ ઘરો માટે આર્થિક સહાય આપવાનું નક્કી કર્યું. છ મહિના અગાઉ આ પ્રોજેક્ટ શરૂ થયો છે અને અત્યાર સુધી ૩૬ મકાનો પૂર્ણ થઈ ગયાં છે અને બાકીના બે મહિનામાં ઊભા થઈ જશે. અમારા સાથી, સખીદિલ એવા ઘણા મિત્રોએ આવી જન ભાગીદારીની પ્રવૃત્તિમાં આર્થિક સહાય આપવાનો સધિયારો આપ્યો છે. અમને વિશ્વાસ છે કે એક-દોઢ વર્ષમાં તમામ પારકરા કોલી પરિવારોને રહેવાલાયક મકાન મળી રહેશે.

આરોગ્ય ક્ષેત્રે વાંઢોમાં પ્રાથમિક સહાય મળી શકે તે માટે BARE - FOOTED DOCTORSનો પ્રયોગ હાથ ધરીશું. પ્રાથમિક આરોગ્ય કેંદ્ર નજીક ન હોય એવી વાંઢોમાંથી થોડુંક ભણેલા, થોડાક હોશિયાર યુવાનોને વાગડ વેલ્ફેર હૉસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી શકાય એવું જ્ઞાન તથા સર્વ સામાન્ય રોગો માટે દવાઓની કીટ, ખાસ કરીને શરદી, ઉધરસ, તાવ, ઝાડા-ઊલટી અને પાટાપિંડી માટેની તૈયાર કીટો તાલીમાર્થીને આપવામાં આવશે જેથી બીમારને તાત્કાલિક રાહત આપી શકાય અને ત્યાર પછી તેને સરકારી દવાખાને મોકલી શકાય. વધારે બીમાર દર્દીઓને અત્યારે વાગડ વેલ્ફેર હૉસ્પિટલમાં સારવાર આપવામાં આવે છે.

કચ્છના સૌથી વંચિત સમુદાયો માટે એમની સાથે રહીને એમની ભલાઈ માટે કામ કરવાનો આ અનોખો અનુભવ છે. સાવ રાંક, ભોળી, સરળ પ્રજા સાથે પ્રેમ, આદર અને સંવેદનાથી કાર્ય કરવું છે. સરકારની તમામ પ્રકારની સહાય અને યોજનાનો લાભ એમને મળ્યો નથી, ભદ્ર લોકોથી આ હકીકત અછાની રહી છે અને સ્વૈચ્છિક સંસ્થાઓ એમનાથી અલિપ્ત રહી છે. પાકિસ્તાનથી સ્થળાંતર કર્યાને આજે ત્રેપન વર્ષ થયાં છે અને આ સાડા પાંચ દાયકામાં માંડ સાડા પાંચ ટકા પરિવારો સ્થિર થયા છે. બાકીના જેમ હતા તેમ છે. આપણે તેમનો હાથ ઝાલી મુખ્ય પ્રવાહમાં લઈ આવીએ - લાલ રાંભિયાનાં શબ્દોમાં - ઈશ્વરને રાજીપો થશે.

મો. : ૯૮૭૯૫૦૬૦૫૯



# કદાચ તમને પણ ગમતી હોય

ડૉ. ગુલાબ દેઢિયા

બધા કહે છે, બચપણ ઝડપથી પસાર થઈ જાય છે. વાત તો સાચી છે, પણ જરાક વહેમ પડે એવું છે. બચપણની થોડીક ટેવો જતી નથી. સાથે ચાલ્યા જ કરે છે.

બચપણમાં કંઈ ઉંમરે એનો પ્રથમ પરિચય થયો યાદ નથી આવતું, પણ તે જ ઘડીથી એના પ્રેમમાં છું. હું ફાઉન્ટન પેનની વાત કરું છું. અત્યારે પણ મારા હાથમાં એ છે અને હું એની જ વાત કરું છું. અમે ફાઉન્ટન પેનને 'ઇંડી પેન' કે 'હિંડી પેન' કહેતા હતા.

આજે જુદાજુદા પ્રકારની મોહક કલમોનો વરસાદ વરસ્યો છે. ત્યારે એવું નહોતું. અમારે તો માટીની સ્લેટમાં પેનથી લખવાનું રહેતું, પણ મનમાં તો ઇંડી પેન હતી.

બધી જ કલમો પૂજ્ય છે, મા શારદાની



કૃપાપાત્ર છે, પણ આપણને તો ગમે છે તે ગમે છે. બીજી કલમો ખૂબ સુવિધાજનક છે, કંઈ જ કરવાનું નહિ, ઢાંકણ ખોલો કાં ચાંપ દબાવો ને લખવા માંડો.

ઇંડી પેનની ખરી મજા આવી ઉતાવળમાં નથી. એમાં તો શાહી ભરવાનો ભરચક વિધિ છે. પહેલાં તો એનો રંગેચંગે સ્નાન કરાવવાની. પછી ખડિયામાંથી શાહી લઈને શાહી પૂરવાની. થોડીક ઢોળાય એનો નહીં ગણવાની.

'ક' કલમનો 'ક' અને 'ખ' 'ખડિયા'નો 'ખ' થી બારાખડી આરંભાતી. ખડિયામાં બેઠેલી શાહી મને બોલાવે છે. અચરજ તો એ થાય છે કે, આ શાહી શું લઈને બેઠી હશે ? એમાંથી શબ્દો સર્જાય છે. કાગળ પર ઊતરીને ચિરંજીવી બને છે.

ફાઉન્ટન પેનમાંય વિવિધતા તો હતી જ. પારદર્શક દેહધારી પેનમાંથી શાહી દેખાય. હવે કેટલી બાકી રહી તે નિહાળ્યા કરું. ફાઉન્ટન પેનમાં કંઈ શિરમોર હોય તો એની ટાંક છે. ટાંક તો જાજરમાન રાણી છે એને સાચવવી પડે. એની પાસે અવિનય મુદ્દલ ન ચાલે. એક વાર રિસાઈ કે દોકડા મિટ્ટી!



ધાતુની સોનેરી કે રૂપેરી ટાંક જોતાં મને તો એ સોના-રૂપાની જ લાગે છે. ફાઉન્ટન કેમ પકડવી, કેમ વળાંક આપવો એ પણ વડેરા વિદ્યાર્થીઓ અમને શીખવતા. જેટલી ઝડપે લખવું હોય તે માટે ટાંક તૈયાર હોય છે. સારી ટાંક તો પાણીના રેલાની જેમ શબ્દો સર્જતી જાય છે.

ફાઉન્ટન પેનથી લખનારા મને હંમેશાં વધુ ડાહ્યા લાગ્યા છે. (આ જરાક વધુપડતું છે ને!).

અમે જ્યારે સ્લેટ કક્ષામાં હતા ત્યારે અમારા શિક્ષક માધવજી માસ્તર ફાઉન્ટન પેનથી લખતા. અમે જોઈ રહેતા, પેનને અને પછી એમના હાથને. એમની મધ્યમા પર શાહીનું ટપકું તિલક જેવું શોભતું હતું, જે મને હજી દેખાયા કરે છે.

કોઈ ચિત્રમાં ઇંડી પેન જોઉં કે, કોઈના હાથમાં ઇંડી પેન જોઉં છું ત્યારે થોડી વાર તો જોયા જ કરું છું. એ કલમને હાથમાં લેવા મન થઈ જાય, પણ ઈચ્છાને રોકું છું.

પેનનું ઢાંકણ એ પણ એક જણસ છે. એની ક્લીપ ડાબા ખીસામાં ભરાવીએ તો ખીસું ભરાઈ જાય, મન ભરેલું લાગે. હા, આત્માગૌરવ જેવું પણ લાગે.

કર કંકણથી શોભે તેમ ખીસું પેનની ક્લીપથી.

કેવા-કેવા મહાન સર્જકોના હાથમાં આ ફાઇન્ટન પેને સાંનિધ્ય માણ્યું હશે!

ક્યાંક સંગ્રહાલયમાં એ કલમ જોતાં વિચારે ચડી જાઉં છું. વીર નર્મદે કેવા ગૌરવથી કહ્યું હશે: 'કલમને ખોળે માથું મૂકું છું'. કવિને કલમમાં મા શારદાનો ખોળો દેખાયો હશે.

દાયકાઓથી જે મારી સાથે છે, મારા મનને જેણે કાગળ પર ઉતારવામાં સહાય કરી છે એવી કલમ વિશે આજે લખતાં અતિ આનંદ થાય છે.

જે કદી જૂની ન થાય, શાહી ન સૂકાય, જે સદાય સર્જન માટે તત્પર રહે એવી ફાઉન્ટન પેન શાહીથી બરાબર ભરેલી હોય અને આપણા હાથમાં વિહરતી હોય, પણ ભય કેવો!

ફાઉન્ટન પેનની શોધ કરનારને વંદન કરી, આ પ્રિય ફાઉન્ટન પેનને ડાબા ખીસામાં હૃદયની નજીક મૂકું છું.

મો. ૯૮૨૦૬ ૧૧૮૫૨

# મેરા ટિકિટ, મેરા ઈમાન



❋ CA સંજય ચંદન વિસનજી ❋

**દૃશ્ય ૧**

એસી ટ્રેનનો મારો રોજનો ડબ્બો. આજે સામે એક કૉલેજ કપલ આવી ચડ્યું. મોંઘીદાટ બ્રાન્ડના જીન્સ, ટી-શર્ટ, મઘમઘતું પરફ્યુમ, હાથમાં ૬ આંકડાની કિંમતનો મોબાઈલ. અને...

ટિકિટ ચેકરનો પ્રવેશ. યુવક પાસે ટિકિટ, પાસ માગનાર ટીસી પાસે એનું આઈકાર્ડ માંગતી યુવતી. ટીસીએ આંગળીમાં પહેરેલો પોતાનો બેચ બતાવી નમ્રતાથી ફરી ટિકિટ, પાસ માંગ્યો.

હવે યુવક થોડો કૂણો પડ્યો અને ઉભો થઈ ટીસીની નજીક જઈ એના કાનમાં ફૂંક મારી, લે દે કે ખતમ કરવાની વાત કરી, ટીસીએ બધાની સામે થોડાક કડક સ્વરમાં ફાઈનના પૈસા રસીદ સામે ભરવા કહ્યું.

હવે એ કપલ ગુસપુસ કરવા લાગ્યું. એમની વાત પરથી અંદાજો આવી ગયો કે પહેલા બેઉએ ટિકિટ કઢાવવા વિચાર્યું પણ પછી નક્કી કર્યું કે, ''કઈ વાંધો નહીં આવે, કોઈ આવશે, તો લે દે કે, વાત મૅનેજ થઈ શકશે''.

**દૃશ્ય ૨**

સાંજે કાંદિવલી પ્લૅટફૉર્મ નં. ૧ પર ટ્રેન આવી. જૈન સ્વીટ્સ તરફના ગૅટ પાસે પંદરથી વીસ ટિકિટ ચેકર સાંકળ બનાવીને ઊભા હતા અને એમની અનુભવી નજરથી આવા ખુદાબક્ષ મુસાફરો ભાગ્યે જ બચી શકે એમ હતા. બહાર નીકળતા નીકળતા, મારા કાને અવાજ આવ્યો, ''બડી, જૈન કે ગૅટ પે મત ઉતરના, ટીસી કી ફોજ ખડી હૈ''.

હું આ ડ્રામા જોવા જરા ધીમે ધીમે ચાલવા લાગ્યો. એ યુવાન એક પછી એક, એના મિત્રોને ફોન ગુમાવી રહ્યો હતો અને બધાને ટિકિટ ચેકર વિષે ચેતવી રહ્યો હતો.

**દૃશ્ય ૩**

શનિવાર, ૧૩ જુલાઈ, ૨૦૨૪, શનિવાર હોવાથી ટ્રેન એકંદરે ખૂબ જ ખાલી હતી. મારી બાજુની જ સીટ પર એક ટુ પીસ સૂટમાં સજ્જ યુવાન, કાનમાં ઍરપોડ ભેરવી ઈન્સ્ટાગ્રામ પર એક પછી એક રીલ્સ ઉથલાવી (સ્ક્રોલ કરી) રહ્યો હતો. ટ્રેન અંધેરી સ્ટેશન પર ઊભી રહી અને એક જ પેસેન્જર અને એક મહિલા ટીસી દાખલ થયાં.

આવતાંની સાથે એ મહિલા ટીસીએ બધાને પોતપોતાનાં ટિકિટ કે પાસ બહાર

કાઢી રાખવા વિનંતી કરી જેથી બધાનો સમય બચી શકે. મારી બાજુમાં બેઠેલો નવયુવાન પોતાની રીલ્સમાં જ મશગૂલ હતો. ટીસીએ એને ફરી ટિકિટ-પાસ બતાવવા કહ્યું અને એ નવયુવાને પોતાનો પાસ બતાવ્યો. ટીસીએ તરત એનું ધ્યાન દોર્યું કે તમારો પાસ અંધેરીથી શરૂ થાય છે અને જ્યારે હું અંધેરીથી ટ્રેનમાં દાખલ થઈ ત્યારે તમે ટ્રેનમાં બેઠેલા હતા. એ યુવાને ફરી દલીલ કરી કે તમે અંધેરી પર મને પાસ માટે પૂછ્યું અને ત્યારે મારી પાસે યોગ્ય પાસ છે.

યુવાનની દલીલોથી આસપાસ બેઠેલા બધા મુસાફરોનું ધ્યાન પણ એ બાજુ ખેંચાયું. બધા જ જાણતા હતા કે એ યુવાન કાંદિવલી કે મલાડથી ટ્રેનમાં બેઠો હતો, પણ હવે એ ટીસીને કાયદો શિખવાડી રહ્યો હતો.

મહિલા ટીસી નમ્રતાથી પોતાની વાત પર દ્રઢ હતી. એણે ફરી કહ્યું, ‘‘હું જ્યારે ટ્રેનમાં દાખલ થઈ ત્યારે એક જ મુસાફર અંધેરીથી ચડ્યો હતો, જે તમે નથી અને જો તમે તમારી વાત પર મક્કમ હો તો થોડી ઘણી કાયદાકીય પ્રક્રિયા માટે તૈયાર રહો. હું આરપીએફને બોલાવીશ, પછી આપણે ટ્રેનમાં લાગેલા સીસીટીવીની ફૂટેજ ચેક કરીશું અને પછી નક્કી કરીએ કે તમને પેનલ્ટી લાગશે કે નહીં’’.

હવે યુવાન ઢીલો પડ્યો અને એણે પૂછ્યું કે કેટલી પેનલ્ટી લાગશે. ટીસીએ કહ્યું, ‘‘બોરીવલીથી અંધેરીની ટિકિટના પચાસ રૂપિયા અને પેનલ્ટી અઢીસો, એટલે કુલ ત્રણસો.’’ યુવાને કહ્યું, ઠીક છે, ‘‘હું પેનલ્ટી ભરવા તૈયાર છું.’’ સૂટબૂટમાં સજ્જ યુવાન પાસે કદાચ રોકડ પણ નહોતી એટલે એણે ટીસીને ‘ગૂગલ પે’થી પેમેન્ટ સ્વીકારવા કહ્યું.

**દૃશ્ય ૪** (ફ્લેશબૅક, સુમારે ૨૫ વર્ષ પહેલાંની વાત)

આર્ટિકલશિપના દિવસોમાં એક ફિલ્મ ડિસ્ટ્રિબ્યૂટરને ત્યાં ઓડિટ માટે જતો, જ્યાં R. R. Rao (ફરી એકવાર RRR) એકાઉન્ટ્સ વગેરે સંભાળતા હતા. રોજ સૌથી પહેલા ઑફિસ પહોંચી જઈ, સૌથી છેલ્લા નીકળનાર RRR એક સોમવારે મોડા પડ્યા, એટલે મેં એમને અમસ્તું કારણ પૂછ્યું.

એટલે એમણે એકદમ ગંભીરતાથી કહ્યું: મારી પત્નીએ શનિવારની રિર્ટન ટિકિટ, શનિવારે પણ વાપરી અને રવિવારે પણ વાપરી, એટલે એની ભરપાઈરૂપે, મારો પાસ હોવા છતાં. આજે ટિકિટની લાંબી લાઈનમાં ઊભા રહી મેં મારી ટિકિટ કઢાવી, એટલે થોડું મોડું થયું.

........

હું આ દૃશ્ય ૧, ૨, ૩ અને ૪ને સમજવા મથી રહ્યો હતો કે ક્યાં દૃશ્ય ચારના સિધ્ધાંતો અને ક્યાં દૃશ્ય એક, બે અને ત્રણમાં યુવા પેઢીની નૈતિક અધોગતિ.

ટિકિટ વિના પ્રવાસ કંઈ નવું નથી અને મોટા ભાગે, એમનાં કારણોમાં હોય છે.

૧. મોડું થઈ રહ્યું હતું.

૨. લાઈન મોટી હતી.

૩. ફાસ્ટ ટ્રેન છૂટી જાય એમ હતી.

૪. ભૂલથી ખોટી ટ્રેનમાં, ખોટા સ્ટેશન પર કે ખોટા ડબ્બામાં બેસી જનાર.

પણ, પણ પહેલા, બીજા કે ત્રીજા કિસ્સામાં ન કોઈ સમયનો અભાવ હતો, ન પૈસાની કમી, ન કોઈ મોટી ટિકિટની લાઈનનું કારણ, ઓનલાઈન એપ્સથી હવે તો ઘરેથી રિક્ષા પકડો અને તરત ટિકિટ બુક કરી શકાય એટલી સગવડો છે. તો શું કારણ હતાં આ પહેલા, બીજા અને ત્રીજા દૃશ્યના.

**કારણ હતાં તો બસ....**

૧. શું ફરક પડે છે નો એમનો અભિગમ

૨. મૅનેજ કરી લઈશું ના (સંસ્કાર?)

૩. ''બધા જ તો આવું કરે છે,'' નો લૂલો, પાંગળો બચાવ.

૪. ટિકિટ વિના પ્રવાસ કરી બતાવવાની હીરોગીરી.

૫. ઘર-પરિવાર (?), મિત્રવર્તુળમાં મળતી શીખ, સંસ્કાર.

૬. કોઈ વિચિત્ર કારણોસર રેલવેએ ઠેરવેલી મામૂલી પેનલ્ટી.

૭. ક્ષોભ કે ભોંઠપનો સદંતર અભાવ.

કોઈ સ્કૂલ, કૉલેજમાં એવા પાઠ ભણાવવા શક્ય નથી કે ''ટિકિટ ના કઢાવો તો આ પણ એક ચોરી છે.'' આ શીખવી શકે તો બસ એનો ઉછેર, એનું કુટુંબ તેમ જ એની આસપાસ રહેતા એના પરિવારજનો, એના મિત્રો.

પણ આજકાલ એવો ખરાબ ટ્રેન્ડ ચાલી રહ્યો છે કે રેલવેએ આ દસ/વીસ રૂપિયાની આ ટિકિટની ચોરી અટકાવવા માટે ''મેરા ટિકિટ, મેરા ઈમાન''ની કેમ્પેઇન શરૂ કરવી પડે.

સારું છે આ કેમ્પેઇન હિન્દી અને અન્ય લોકલ ભાષામાં થઈ રહી છે. અન્યથા કોઈ વિદેશી સાંભળે તો એ પણ વિચારે કે, આ દેશમાં લોકોને આવી મામૂલી ટિકિટ ખરીદવા સમજાવવા માટે પણ ઈમાન સુધીની વાત કરવી પડે છે.

અને સવાલ દસ કે વીસ રૂપિયાની ચોરીનો નથી. સવાલ છે આ આદતનો, આ સંસ્કારનો, આ ઉછેરનો.

જાણું છું કે ઘણા લોકોના પ્રતિભાવ આવશે કે ...

૧. દસ રૂપિયાની ટિકિટ ના કઢાવો એનો

ચોરી કહી, તમે રાઈનો પહાડ બનાવી રહ્યા છો.

૨. ટ્રેનની ગિરદી જોઈ છે. સગવડના નામ પર મળે છે શું આ દસ રૂપિયામાં?

૩. નેતાઓ, અમલદારો અને વિજય માલ્યા, નીરવ મોદી, લાલુ યાદવ વગેરેના ભ્રષ્ટાચારનું શું?

૪. આપણી પાસે રેલવે કેટલું કમાવી રહી છે. સામે આપણે કેટલી અગવડતા વેઠીએ છીએ. રેલવે સાથે આવું જ થવું જોઈએ

૫. આ બધા ટિકિટ ચેકર પણ પોતાની રોકડી કરવા તૈયાર જ બેઠા હોય છે, તો આપણે પણ વહેતી ગંગામાં થોડા હાથ ધોઈ લીધા તો શું વાંધો છે. (જો આપણે પોતે ટિકિટ ના લીધી હોય તો સામેવાળી વ્યક્તિ ભ્રષ્ટાચારી છે, એવી વાત કરવાનો આપણને પોતાને કોઈ જ અધિકાર નથી)

મિત્રો, આ બધા જ પાંગળા, પોકળ બચાવ છે.

આપણે પોતે આવું ન કર્યું છે ના આવું પ્રમાણ જોયું છે અને તેથી જ જ્યારે આજની યુવા પેઢીની આમ નૈતિકતાના નામે નાદારી જોઈએ છીએ ત્યારે આ ત્રણે કિસ્સામાં એક કારણ સ્પષ્ટ દેખાય છે કે, ત્રણે કિસ્સામાં એ લોકોને જરા પણ ભોંઠપ નથી લાગી. કોઈ ક્ષોભ નહીં. જરા પણ શરમાવવા જેવું નહીં.

ત્રણે કિસ્સામાં, એ લોકોને એક ક્ષણ માટે પણ ના લાગ્યું કે, એમણે કોઈ ભૂલ કરી છે. ફાઇન/પેનલ્ટી ભરતી વખતે એમની અક્કડ ઊડીને આંખે વળગે એવી હતી. જ્યારે કે હું કે તમે તો યોગ્ય ટિકિટ કે પાસ હોય અને ટીસી અટકાવે તો પણ ભોંઠપ અનુભવતા કે ''આજે આપણને ટીસીએ અટકાવ્યા,'' જ્યારે કે આ કિસ્સાઓમાં દરેક એ વ્યક્તિના ચહેરા પર આપણને એવી બેફિકરાઈ સાફ દેખાઈ આવતી હતી. (બસ, અહીં જ આપણે ફરક લાવવાનો છે)

મિત્રો, જે રીતે આ ખુદાબક્ષ યુવક/યુવતીઓની સંખ્યા વધી રહી છે, આ એક સામાજિક સમસ્યા બનતી જઈ રહી છે અને એનો ઉપાય પણ સામાજિક સ્તરે જ લાવવો પડશે.

આવા ખુદાબક્ષોની બેફિકરાઈને અટકાવવાના કેટલાક ઉપાયો

૧. સૌ પ્રથમ તો રેલવેએ પેનલ્ટીની રકમ જ વધારવાની જરૂર છે. (હાલની લોકોની ગણતરી એવી છે કે, ''આખા વર્ષના ટ્રેનના પાસના આટલા અને સામે પકડાવાના ચાન્સ આટલા અને એટલે આટલી વાર પકડાઈએ તો પણ પાસ કરતા સસ્તું પડશે.'')

૨. ઘરમાં, મિત્રોમાં, સગાં-સંબંધીઓમાં આ વિષય પર જરૂર વાત કાઢવી જોઈએ અને જો કોઈ વ્યક્તિ, કોઈ કારણસર આવી છીછરી વિચારસરણી ધરાવતું હોય તો એને સમજાવીએ અને જો એ ના સુધરે તો આપણે પણ RRRની જેમ ટિકિટનો બદલો ટિકિટ, એમ કરી એને એમ કરતો રોકવા પ્રયત્ન કરીએ.

૩. તમારી આસપાસ ક્યાંય પણ આવું થાય તો આવામાં આવું ખોટું કરનારને કોઈ રીતે સાથ ન આપો, એવું કાંઈ ના કરો કે એમની આ વૃત્તિને પ્રોત્સાહન મળે, ઊલટાનું એવું કંઈક કરીએ કે એ લોકો પણ બીજી વાર આવું કરતાં શરમાય/અચકાય.

૪. આવા સમયમાં જ્યારે કોઈ સરકારી વ્યક્તિ પોતાની ફરજ બજાવી રહ્યો હોય ત્યારે આવા ખુદાબક્ષ મુસાફરોનું ઉપરાણું લઈને એ સરકારી વ્યક્તિના કામમાં અડચણો ના ઊભી કરીએ. ઊલટાનું આવા ખુદાબક્ષ યુવાનોને ટપારીએ કે જો આ દસ-બીસની આવી ચોરીમાં દેશનો ઓછું અને એમને પોતાને, એમના પોતાના ગર્વ, પોતાના સ્વાભિમાનને વધુ નુકસાન પહોંચાડી રહ્યા છે.

૫. આપણી યુવા પેઢીને સમજાવીએ કે આ ખુદાબક્ષ મુસાફરી, છેવટે તો અણહક્કની કહેવાય અને અણહક્કને એ દાણો પણ આપણને કોઈને પચશે નહીં અને જેટલું આ રીતે લઈશું એનાથી વધારે જ ક્યાંક ને ક્યાંક, ક્યારેય ને ક્યારેય પાછું આપવું પડશે. જવાબ રૂપે આ લોકો આપણને ફરી નીરવ મોદી, હર્ષદ મહેતા, વિજય માલ્યાના જ દાખલા આપશે. સામે આપણે એટલું જ કહેવું છે કે, ''ભાઈ, તમારા આદર્શ, તમારા આઈડોલ તો સાચા અને સરખા ગોતો.''

(આ નવી પેઢીને માટે માત્ર સાત દિવસ પહેલાંનું એક ઉદાહરણ)

ભારતીય ક્રિકેટ ટીમના ટી-૨૦ વર્લ્ડ કપમાં દિલધડક અને રોમાંચક વિજય બાદ ક્રિકેટ બોર્ડ ટીમના કોચ ''રાહુલ દ્રવિડ''ને નક્કી કરેલા અઢી કરોડના મહેનતાણા સાથે અઢી કરોડનું બોનસ આપ્યું, જેનો એણે નમ્રતાથી અસ્વીકાર કર્યો અને એવી વિનંતી કરી કે મને એટલું જ આપો જે મારી સાથેના અન્ય કોચને આપો છો. આને કહેવાય સાચા આદર્શ, સાચા આઈડોલ, જેને ઈનામમાં પણ અણહક્કનું નથી જોઈતું.

આપણી નવી પેઢી પણ બસ આવા કિસ્સાઓથી નૈતિકતા અને માનસિકતાની શીખ લે, એ શુભેચ્છા સાથે અસ્તુ.

- રતાડિયા ગણેશવાલા

**મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :


**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, કોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# સૂનું કચ્છ, સૂનાં ફળિયાં



✻ વસંત શાહ - કચ્છ કેસરી ✻

આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલાં કચ્છ રાજ્યનાં દરેક ગામ ભર્યાં ભર્યાં લાગતા. દરેક ગામની એક નિર્ધારિત વ્યવસ્થા હતી, જેમાં દરેક વર્ણ તથા જાતિના લોકો, સમગ્ર ગામની વસ્તીને એકબીજાના સહાયક તેમ જ આધાર બની, ખૂબ પ્રેમ અને ભાઈચારાની ભાવના સાથે જીવન જીવતા. કચ્છી જૈનોએ વસાવેલ ગામોમાં મુખ્યત્વે જૈન વાણિયાઓ એમનાં અંગત કાર્યો, વ્યવસાય અને ખેતીની જાળવણી માટે અન્ય જાતિઓના લોકોનો આધાર લેતા. તેથી દરેક મોટાં અને મધ્યમ કક્ષાના ગામોમાં ઓછામાં ઓછા એક બે ઘર તો અન્ય જાતિના કુટુંબના હોય જ, જેમાં બ્રાહ્મણ, ધાઈ, લુહાર, સુતાર, કંદોઈ, પીંજારા, કુંભાર, કોલી, હરિજન, નાવી, રબારી વગેરે રહેતા. કોઈ નાના ગામ હોય તો તે ગામની આસપાસના મોટા ગામમાંથી આ કોમના વ્યાવસાયીક સ્ત્રી-પુરુષ જઈ એ નાના ગામની જરૂરિયાત સાચવતાં.

વાણિયાના વ્યવસાયમાં રસકસ અને જીવન-જરૂરિયાતની વસ્તુઓના હાટ તથા ખેતીવાડી મુખ્ય હતાં. અનુભવી નિવૃત્ત વડીલો ગામની સુખાકારી માટે ધાર્મિક સ્થાનોમાં સંચાલન, પ્રાથમિક સ્તરે શિક્ષણ તથા શાળાઓની જાળવણી, ટપાલ ખાતું વગેરે પ્રવૃત્તિઓ પર નજર રાખતા. દુષ્કાળ કે કોઈ રોગચાળાના સમયે ગામની દરેક કોમ યથાશક્તિ એકબીજા માટે સહાયક બની મદદમાં રહેતી. રાજાશાહી પણ આવા સમયે પ્રજાના સુખદુ:ખમાં સહાય કરતી. આમ એ વખત સુવર્ણમય હતો.

પછી ધીરેધીરે સમય બદલાતો ચાલ્યો. ગામનાં સમૃદ્ધ કુટુંબોના નબીરાઓએ કાંઈક નવા કાર્યમાં હાથ અજમાવવા પરદેશ ભણી પગલાં માંડ્યાં. દુકાનોમાં નોકરી કરતાં કરતાં કુદરતે સાથ આપ્યો. પોતાની દુકાનો કરી પરદેશમાં બે પાંદડે થયા, સગાં-સંબંધી, ગામાઈ ભાઈઓ વગેરેને ગામડેથી બોલાવી પોતાના વ્યવસાયમાં પળોટી, એમને પગભર કર્યા. આમ પરદેશની અને એમાંય ખાસ તો મુંબઈની અઢળક કમાણીની લાલચે કચ્છનાં ગામડાં ખાલી થવાં લાગ્યાં. યુવાનો મુંબઈ અને પરદેશ તરફ જતાં, ગામોના વડીલો પણ પોતાના વ્યવસાય સાચવવામાં અસમર્થ બની, સમેટવા માંડ્યા, ખેતી ખેડવા/સંભાળવા અન્ય જાતિઓના હાથમાં સોંપાઈ,

વડીલો પણ સંતાનો સાથે રહેવા ગયા, ગામનાં ઘરો બંધ થવાં લાગ્યાં. યુગ પલટવા માંડ્યો. પછીનાં ૧૦૦ વર્ષમાં કચ્છના, એક સમયનાં ધબકતાં ગામો ઉજ્જડ થતાં ગયાં! ફળિયાં સૂનાં પડી ઉજ્જડ થયાં.

મુંબઈ તથા પરદેશમાં વસતા કચ્છી વાણિયાઓ દેવસ્થાનોનાં કાર્યો અને ધાર્મિક અનુષ્ઠાનો માટે પોતાના ગામની ઊડતી મુલાકાતે આવતા-જતા થયા. અરે આજની નવી પેઢી તો કચ્છ જવાના સંકેત માત્રથી મોઢું બગાડે છે. ક્યારેક વિચાર થાય છે કે કચ્છનું ભવિષ્ય શું? કેટલીક સંસ્થાઓ કચ્છને રળિયામણું બનાવવા મથી રહી છે એ ખરું પણ શું આજની ઊગતી નવી પેઢી એનો લાભ લેશે? કે કચ્છના બદલે કેલિફોર્નિયા વધુ પસંદ કરશે?

કચ્છને આકર્ષક બનાવી, 'હલો કચ્છ'ની હાકલ પાડતી આશાવાદી સંસ્થાઓએ મુંબઈમાં, આજના કચ્છી યુવાનો સાથે સંવાદ સાધવા માટે કાર્યક્રમ ગોઠવી, ખુલ્લા મનથી ચર્ચા-વિચારણા કરી, એમના વિચાર જાણવા જોઈએ. એમને કઈ રીતે વતન પ્રત્યે આકર્ષી શકાય એ વિશે મંથન કરવું જરૂરી છે. આજે કચ્છમાં લોકોપયોગી કામો થઈ રહ્યાં છે એ ખૂબ સરાહનીય છે. નંદનવન બની રહ્યાં છે. જળ સંચયની તથા વૃક્ષારોપણ માટેની યોજનાઓ ખૂબ જ ઉમદા છે. આ બધી યોજનાઓથી કચ્છની કાયાપલટ જરૂર થશે. પાણીની સગવડથી ખેતીનું પ્રમાણ વધશે. આર્થિક સદ્ધરતા વધશે. જનસુખાકારી વધશે. ઘણું ઉજ્જવળ ભાવિ હશે.

સમગ્ર કચ્છ માટેની આ યોજનાઓના સક્રિય કાર્યકર્તાઓમાં યુવાનો કેટલા જોડાયેલા છે? મારી જાણ મુજબ જૂજ યુવાનો હશે, બાકી તો વયસ્કો તથા વરિષ્ઠ કચ્છીઓ જ કાર્યશીલ છે, પણ આ ઉન્નતિનો લાભ લેવા આપણી નવી યુવા પેઢી કચ્છમાં સ્થાયી થશે? ખેતી અપનાવશે?

ગામોનાં ફળિયાં જે સૂનાં પડ્યાં છે તેને ફરીથી ધબકતાં કરવા માટે આવશે? મુંબઈનું કૉર્પોરેટ કલ્ચર, જાડા પગારના કવર, અઠવાડિયે પાંચ દિવસ કામ, શિક્ષણ અને સ્વાસ્થ્યની અદ્યતન સગવડ, યાતાયાતની વિપુલ સગવડ, બહોળો મિત્ર વર્ગ વગેરે વગેરે છોડી કચ્છમાં સ્થિર થવા નવેસરથી શરૂઆત કરવાની જહેમત ઉઠાવવી એ યુવાનોને ગોઠશે? વિચારવા જેવું નથી લાગતું?

આશા રાખીએ કે એવું કાંઈક ચમત્કારિક બને જેથી આપણા યુવાધનને કચ્છ તરફ વાળી શકાય અને કચ્છ માટે સોનાનો સૂરજ ફરીથી ઊગે !! જય કચ્છ, જય હિન્દ.

દેવપુર/મુલુંડ.
મો.૮૪૫૧૦૯૮૬૭૮



# માતૃત્વ અને પિતૃત્વનો મહિમા

✻ હેમા વીરા ✻

પશ્ચિમી દેશોમાં સંતાનો પોતાનાં વૃદ્ધ મા-બાપને ''ગોલ્ડન હોમ''માં મૂકી આવે છે અને વર્ષમાં એક 'વખત' ફાધર્સ ડે'ના દિવસે તેમને મળવા જાય છે. જ્યારે ભારતમાં બાળકોને નાનપણથી જ 'માતૃ દેવો ભવઃ અને પિતૃદેવો ભવઃ'ના સંસ્કાર આપવામાં આવતા હતા. ત્યારે ભારતનો પ્રત્યેક બાળક પોતાનાં માતા-પિતાનો ભક્ત હતો અને તેઓ આજીવન અત્યંત કૃતજ્ઞતાના ભાવથી શ્રવણ બનીને માતા–પિતાની સેવા કરતા હતા, જેનો કારણે દેશમાં એક પણ વૃદ્ધાશ્રમની જરૂર પડતી નહોતી.

હમણાં જ એક ભાઈએ પશ્ચિમી પદ્ધતિએ 'મધર્સ ડે'ની ઉજવણી કરવાને બદલે પોતાનાં માતુશ્રીના ઉપકારોની અનુમોદના કરવા માટે 'માતૃવંદના' નામનો અભિનવ કાર્યક્રમની ઉજવણી પોતાનાં માતુશ્રીની હયાતીમાં જ કરી લીધી. આજે પણ એમનો સંયુક્ત પરિવાર માતુશ્રીની શીતળ છત્રછાયામાં સંપીને રહે છે. ઘણાં સંતાનો પોતાના મા-બાપને જિંદગીભર ત્રાસ આપે છે અને તેમના અવસાન પછી ભવ્ય પ્રાર્થના સભાઓનું આયોજન કરે છે અને લાખો રૂપિયાનો ધર્માદા કરે છે. તેને બદલે એ ભાઈએ માતુશ્રી જેનો આનંદ માણી શકે તેવી રીતે 'માતૃવંદના' કાર્યક્રમ રાખ્યો હતો. તેમાં પ્રતિભાશાળી કલાકારે પોતાની હૃદયસ્પર્શી શૈલીમાં માતાના ઉપકારોની યાદ અપાવી શ્રોતાઓની આંખો ભીંજવી હતી. ભારતીય પદ્ધતિએ 'મધર્સ ડે'ની ઉજવણી કેવી રીતે કરી શકાય તેનું આ શ્રેષ્ઠ દૃષ્ટાંત છે.

પહેલાં આપણે ત્યાં ઘેઘૂર વડલા જેવા સંયુક્ત પરિવારો હતા. જેને એકતાંતણે બાંધી રાખવાનું કામ 'મા' અથવા 'દાદીમા' કરતાં હતાં. વડીલોની આમાન્યા તૂટી એટલે આપણા પરિવારો વિભક્ત બન્યા. વિભક્ત પરિવારો વેરણ-છેરણ પરિવારો બની ગયા છે. એ પરિવારમાં પતિ છે, પત્ની છે અને બાળકો છે, પણ વડીલની ભૂમિકા ભજવનાર કોઈ નથી. આ કારણે પરિવારના બધા જ સભ્યો પોતાની અલાયદી જિંદગી જીવી રહ્યા છે. એક સભ્યને બીજાનાં સુખ-દુઃખની જાણે કોઈ ચિંતા જ નથી. આપણે કુટુંબને એક તાંતણે બાંધી રાખનાર વડીલને શોધીને તેના પરિવારના કેન્દ્રમાં પુનઃ પ્રતિષ્ઠા કરવાની છે.

અગાઉ સંતાનો મોટાં થાય, ભણી લે, નોકરી-ધંધે લાગે, પરણે અને ઠરીઠામ થતાં, પણ છતાં પરિવાર એકસાથે એક છત નીચે સંપીને રહેતો, પણ હવે આજની નવી પેઢીનાં યુવક-યુવતીઓ પરિવાર અને માતા-પિતા કરતાં વધુ મહત્ત્વ અભ્યાસ અને કારકિર્દીનું હોય છે. હવે તેઓ એસ.એસ.સી. પાસ થાય કે તરત જ ઉચ્ચ અભ્યાસના બહાને માતા-પિતાનો ત્યાગ કરવા લાગ્યાં છે.

અગાઉ મા-બાપો ૫૫-૬૦ વર્ષની ઉંમરે પહોંચે તે પછી તેમણે એકલા રહેવાની તૈયારી રાખવી પડતી હતી. હવે ૨૦-૨૫ વર્ષની વચ્ચે જ તેમને પોતાનાં સંતાનો વગર રહેવાની તૈયારી રાખવી પડે છે. ઉચ્ચ અભ્યાસ માટે માતા-પિતાની છત્રછાયા છોડી જીવતાં સંતાનોના મગજ પર આ સ્વતંત્રતાનો નશો એવો સવાર થઈ જાય છે કે અભ્યાસ પૂરો થયા પછી તેઓ કારકિર્દીનું ઘડતર પણ એવી રીતે કરે છે જેમાં માતા-પિતાની સાથે રહેવાના વિકલ્પની બાદબાકી જ થઈ જાય. આ રીતે પરિવારના વિઘટનની પ્રક્રિયા બહુ વહેલી શરૂ થઈ જાય છે.

વીસમી સદીના સમાજશાસ્ત્રીઓ સંયુક્ત કુટુંબવ્યવસ્થાને કેવી રીતે ટકાવી રાખવી તેની ચિંતા કરતા હતા. હવે સંયુક્ત કુટુંબની પ્રથાને પુનર્જીવિત કરી શકાય તેવી કોઈ સંભાવના જ નથી. એકવીસમી સદીના સમાજશાસ્ત્રીઓ સામે તો પરિવારને બચાવી લેવાનો મોટો પડકાર ઊભો થયો છે. ભારતના વિભક્ત પરિવારો માટે આ કાળ વિનાશક છે. નવી જીવનશૈલીને કારણે ઘરના ખર્ચા વધ્યા છે અને એને પહોંચી વળવા ઘરની યુવા પેઢી એક યા બીજી રીતે કોઈ ને કોઈ નોકરી કે વ્યવસાયમાં ગળાડૂબ છે. અહીં દરેક પોતાની અલગ દુનિયામાં જીવી રહ્યા છે અને એકબીજા સાથે ગાળવા માટે કોઈ પાસે સમય નથી. આ પરિવારોમાં પ્રાઈવેસીનું મહત્ત્વ એટલું બધું વધી ગયું છે જે છેવટે એકલતાનો અભિશાપ બની રહે છે.

હવે કુટુંબની ઉદરપૂર્તિ માટે હોટેલો, ટિફિનો, તૈયાર વાનગીઓ તૈયાર નાસ્તાઓ, ફાસ્ટ ફૂડ અને જંક ફૂડ ઉપર જ આધાર રાખવો પડે છે. આને કારણે પરિવારનો ખર્ચો વધે છે અને સભ્યોનું સ્વાસ્થ્ય કથળે છે, પણ સૌથી મોટું નુકસાન તો પરિવારના એકમેકથી વિખેરાતા જવાનું થાય છે.

દેશમાં વૃદ્ધાશ્રમો અને અનાથાશ્રમો ખોલવા માટે જેમ પરિશ્રમ લેવામાં આવે છે તેમ બાળકોમાં માતા-પિતાની ભક્તિ કરવાના સંસ્કારો જો બાળપણથી સિંચવામાં આવે તો અનેક પરિવારો પાયમાલ થતા બચી જાય. પરિવાર સંસ્થા તૂટી રહી છે અને વૃદ્ધોની હાલત કફોડી બની રહી છે.

આજે માણસ ભણી-ગણીને સ્કોલર થાય છે અને કારકિર્દીમાં ટોચ પર પહોંચે છે. આજનું શિક્ષણ લેનાર વિદ્યાર્થી સફળ ડૉક્ટર કે સફળ એન્જિનિયર બની જાય છે, પણ સફળ સંતાન કેવી રીતે બનવું એ તેને કોઈ કૉલેજમાં કે સ્કૂલમાં ભણાવવામાં આવતું નથી.

અગાઉના જમાનામાં બાળકો શ્રવણ, પ્રહલાદ અને શ્રીરામની માતૃ-પિતૃ ભક્તિની કથાઓ સાંભળીને મોટાં થતાં હતાં.

હવે અંગ્રેજી માધ્યમમાં ભણતાં બાળકોને શ્રવણનું નામ પણ સાંભળવા નહીં મળતું હોય. જે બાળકોને બચપણથી જ વડીલોની ભક્તિ કરવાના પાઠો ભણાવવામાં ન આવે તે બાળકો મોટાં થઈને પોતાનાં માતા-પિતાની મારપીટ કરે કે તેમને ઘરડાઘરમાં મૂકી આવે તો તેમાં નવાઈ શી...?

ગામ : બેરાજા

**મો. : ૯૩૨૨૨ ૨૨૪૦૦**

---

# ભારત – ૨૦૫૦



✻ રાજેશ સાવલા ✻

- આ વિષય વાંચી તમને બધાને શું વિચાર આવ્યો હશે. તમારો જવાબ સાચો છે. મને પણ એ જ વિચાર આવ્યો કે ૨૦૫૦ સુધીમાં ભારતની પ્રગતિનો લેખ હશે. ભારત વિશ્વનું મોટું અર્થતંત્ર હશે. કદાચ પાંચ ટ્રિલિયન કે વધારે ડૉલરની તેની અર્થવ્યવસ્થા હશે. અમેરિકાને હંફાવતો દેશ હશે... વગેરે વગેરે.

- પણ જ્યારે Discovery Plus Channel પર આ વિષય પર આવેલ સિરિયલ (Video) જોઈ ત્યારે આંચકો લાગ્યો. પ્રગતિની વાત બાજુ પર રહી. ભારતની અધોગતિ વિશે વિસ્તારથી વર્ણન હતું. ભારતનાં મોટાં શહેરો અને રાજ્યોની પરિસ્થિતિ શું હશે એ વિશે તથ્ય, હકીકતો રજૂ કરાયાં હતાં.

- વાતાવરણ બદલાવ (Climate Change), ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, વસ્તી વધારો, (Pollution) ખરાબ હવા વગેરેને કારણે બહુ ભયાવહ સ્થિતિનું નિર્માણ થશે, જેનું Trailer હમણાંથી દેખાવા લાગ્યું છે અને ૨૦૫૦ સુધીમાં એ એના ટોચે હશે. જો સરકાર અને

પ્રજા આ (Disaster) બનાવો પરથી નહીં સુધરે અને આવા બનાવો અટકાવવા પગલાં નહીં લે તો ભવિષ્યની પેઢીને એનાં દુષ્પરિણામ ભોગવવા પડશે.

❖ જયપુર - ભારતનું સુંદર શહેર - ૨૦૫૦ સુધીમાં રણપ્રદેશ બની જશે. રાજસ્થાનનો રણપ્રદેશ વિસકતો જાય છે અને જયપુર પણ બાકાત નહિ રહે - દિલ્હી - ભારતની રાજધાની - અત્યારે પણ દુનિયાની સૌથી ખરાબ હવાની ગુણવત્તા (Air Quality Index) ધરાવતું શહેર છે. ૨૦૫૦ સુધીમાં દિલ્હીના લોકો (Air Purifier) મોઢા પર શુદ્ધ હવા મેળવવા માટે સાધનો પહેર્યાં વગર ફરી નહીં શકે. પાંચ વરસ અને નાનાં બાળકોનો મૃત્યુ દર ભયાનક રીતે વધી જશે. અસ્થમા, દમા વગેરેના રોગોથી લોકો મૃત્યુ પામશે. લોકો રાતે જ કામ કરી શકશે. શહેરમાં મોટાં (Giant) કદનાં (Air Purifier) મશીનો લગાડયાં હશે જે કંઈક અંશે હવા શુદ્ધ કરશે.

❖ આજે પણ ભારતમાં ૭૦% (70%) જેટલી વીજળી માટે કોલસાનો ઉપયોગ થાય છે, જે કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$) વાતાવરણમાં છોડે છે. ગ્રીન ઈફેક્ટને કારણે ગરમી વધી જાય છે. ગરમી વધવાને કારણે લોકોનાં મૃત્યુ વધશે. આ ગરમીથી હિમાલયના ગ્લેશિયર પીગળી રહ્યા છે.

૨૦૫૦ સુધીમાં અડધાથી વધારે હિમાલયનો બરફ પીગળી જશે, જેનું મુખ્ય કારણ ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ અને વસ્તી વધારો હશે. બરફ પીગળવાથી નદીમાં પૂર આવશે. ભૂસ્ખલન થશે. સમુદ્રની સપાટી વધશે. સમુદ્રની સપાટી વધવાથી સમુદ્ર કિનારે વસેલાં મોટાં શહેરો પર ખતરો વધશે. સમુદ્ર કિનારાની જમીન સમુદ્ર ભરખી જશે.

❖ આજે પણ પીવાનું પાણી એ મોટી સમસ્યા છે. ૨૦૫૦ સુધીમાં પાણી માથાનો દુખાવો બનશે. ચેન્નઈ અને બીજાં શહેરોમાં પાણી માટે હુલ્લડો થશે. પોલીસની નજર હેઠળ પાણી વહેંચવામાં આવશે. લોકોને પાણી મેળવવા લાંબી લાઈનમાં ઊભા રહેવું પડશે.

❖ પાણી નહીં મળતા (Water Shortage) ખેતીને અસર થશે. ખેતીની ઊપજ ઘટશે. આજે પણ રોજના અંદાજે ૪૦થી વધારે ખેડૂતો આત્મહત્યા કરે છે. આ સરકારી આંકડો છે. ખેતીની ઊપજ ઘટતા અનાજના ભાવો ભયંકર રીતે વધી જશે. લોકો દિવસમાં એક વખત

જમશે. વિટામિનની ગોળી ખાઈ પૌષ્ટિક તત્ત્વો મેળવશે.

- પંજાબ જે એક વખત ખેતીમાં સમૃદ્ધ રાજ્ય હતું તે ૨૦૫૦ સુધીમાં અનાજ પેદા કરવામાં નિમ્ન સ્તરે હશે. આજે પણ પંજાબમાં ૨૦૦ ફૂટના બોરવેલ બનાવો તો પાણી મળે છે. ૨૦૫૦ સુધીમાં ખેતી માટે પાણીની અછત થશે.

- ૨૦૧૩માં કેદારનાથની હોનારત બધાને યાદ હશે. પર્વતો ખોદવાથી, ઝાડ કાપવાથી, ફર્નિચર માટે લાકડાની જરૂરત હોવાથી હિમાલયનાં જંગલો ઝડપથી નાશ પામી રહ્યાં છે. તેથી ૨૦૫૦ સુધીમાં પર્વતો ધસી પડશે. ભયાનક હોનારતો થશે.

- સમુદ્રનું પાણી ગરમ થવાથી (Cyclone) ચક્રવાત વારંવાર આવશે. ૨૦૧૯માં ઓરિસામાં આવેલ ચક્રવાત એ ભયાનક હતું, જ્યારે પવનની ગતિ ૨૦૦ કિમીથી વધારે હતી. આવા ચક્રવાતો વધી જશે જે વારંવાર જાનમાલનું ભયાનક નુકસાન કરશે.

- હમણાં સુધી સુરક્ષિત રહેલ મુંબઈ પણ ૨૦૫૦ સુધીમાં ચક્રવાતને કારણે અડધું ડૂબી જશે. સમુદ્રના પાણી ગૅટવે ઑફ ઈંડિયાને અડધા સુધી ડુબાડી દેશે.

- આ બધું માનવની ઈચ્છા, મહત્ત્વાકાંક્ષાને લીધે થઈ રહ્યું છે. જેને MANMADE DISASTER કહી શકાય. કુદરતી બનાવો પહેલાં પણ થતાં જેનો સમયગાળો લાંબો હતો પણ હવે તે ઘણો ટૂંકો થઈ રહ્યો છે.


- આપણા બધાની માન્યતા છે કે ''મને કાંઈ નહીં થાય''. પાણી હું ખરીદી લઈશ. સુખ-સગવડ તો જરૂરી છે. કાર, ઍરકંડિશનર વગેરે વગર નહીં ચાલે આ બધાની Combined effect એ વાતાવરણ બદલાવની પરિસ્થિતિમાં આજની દુનિયાને લાવી દીધી છે.

- જો પ્રજા, સરકાર, વિશ્વની સરકારો આ પરિસ્થિતિને SLOW કરવા, અટકાવવા સમયસર પગલાં નહીં લે તો અધોગતિ ચોક્કસ છે. પ્રગતિને આ અધોગતિ પાછળ મૂકી દેશે.

- જો સમય મળે તો Discovery Plus પર આ સિરિયલ જોવા જેવી છે. સર્વશક્તિમાન એવા ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આ પરિસ્થિતિને અટકાવે. આપણે પણ Carbon emission વધારે એવા ગેઝેટ ઓછા વાપરીએ. કુદરતને સાચવીએ તો જ એ આપણને સાચવશે.

મો. : ૯૭૬૯૦ ૦૮૮૧૯

# ૬૦ના દાયકા પહેલાંની કચ્છની સ્ત્રીઓની વ્યથા



✻ જયંત ગણશી જાગાણી ✻

૬૦ના દાયકા પહેલાંની સ્ત્રીઓએ કેટલા કષ્ટ વેઠયા હતાં એ માટે આ લેખ લખેલ છે. ૧૯૬૦ પહેલાં અમે કચ્છમાં રહેતા હતા ત્યારની થોડી ઘણી યાદોના અધારે આ લેખ લખેલ છે. ક્યાંક કોઈ ક્રમ આગળ-પાછળ થયેલ હશે તો ક્ષમા.

ત્યારે બહેનોનો દિવસ બહુ વહેલો એટલે કે સૂર્યોદય પહેલાં લગભગ બે કલાકે ઉગતો હતો. શૈયા ત્યાગ સાથે ઈશ્વરનું નામ લઈ ઘરકામની શરૂઆત થતી. સૌપ્રથમ પશુઓ બાંધવાની જગ્યા (ગોઠ)ની સાફસફાઈ થતી. પછી ઘરમાં વાસી ઝાડુ મરાતું. એ દરમ્યાન પશુઓ માટે રાંધવા મૂકેલ ગુવાર રંધાઈ ગઈ હોય. એ પશુઓને ખાવા અપાતી. પછી ઘરઘંટી (જંધર) પર બાજરો પીસવા (દળવા) બેસી જતા. જ્વાર, બાજરો દળાતો જાય સાથે પ્રભાતિયાં ગવાતા જાય. પછી વલોણામાં છાશ જંઘાતી. એમાં નીકળેલું માખણ પુરુષ વર્ગ અને બાળકોને ખાવા અપાતું.

આટલી વારમાં કોઈ બહેનપણી (જેડલ) આવી જતી અને હેલ લઈ પાણી ભરવા નીકળી પડતાં. આ આવનજાવનમાં સુખ-દુ:ખની, અલક-મલકની વાતો થતી. પાણીના બે-ત્રણ ફેરા કરાતા. ચૂલો પેટાવી બાજરાના રોટલા ઘડાતા, ત્યાં સુધી પુરુષ વર્ગ તથા બાળકો ઊઠી ગયાં હોય એમને રોટલા માખણ અને ચાનું શીરામણ અપાતું. ખેતરોનાં કામના દિવસ હોય તો બપોરના જમણ માટેના રોટલા પણ ત્યારે જ બનતા.

ખેતરોમાં કામના દિવસો હોય તો બધા ખેતરે સવાર સવારમાં નીકળી પડતા. સાંજ સુધી તનતોડ મહેનત કરી સાંજે પાછા આવી સાંજની રસોઈની તૈયારી કરવી પડતી. દીવાબત્તી ટાણું થાય કે કંડીલ લઈ એના કાંચને સાફ કરી ઘાસલેટ ભરી પેટાવાતું. એમાંથી સમય મળે કે ઘરનાં બીજાં કામો આટોપવામાં બહેનો લાગી જતી. આ બધેં કામોમાંથી સમય કાઢી દેવદર્શન વગેરે કરાતાં.

આરામનું નામ ન હતું. પશુઓને ઘાસચારો (વતરો) અપાતો. બોરડીના ઝાડ પુરુષો લઈ આવે, એને સાફ કરી ફક્ત પાંદડાં જુદાં કરી પશુઓને ખાવા અપાતાં. આ અને બીજાં ઘણાં કામો બહેનોએ કરવા પડતા.

સિઝન પ્રમાણે ખેતરોનાં કામો ન હોય ત્યારે ગોદડી સીવવાની, ફાટેલા કપડાંને

સાંધવાનાં, થીગડાં લગાવવાના કામ હોય. ઘર માટે પાપડ, વડી વગેરે બનતાં. લગ્નની સિઝન હોય તો જેને ત્યાં લગ્ન હોય એમને પાપડ, વડી વગેરે બનાવવા જતાં, સાથે લગ્ન ગીત ગવાતાં.

ફાજલ સમયમાં સીમમાં લાકડા તથા છાણા વીણવા દૂરદૂર સુધી જવું પડતું, અમારાં ગામોમાં પાણીની તંગી રહેતી. તળાવ સુકાઈ જાય ત્યારે નદીઓના પટમાં ખાડા (વીયરી) ખોદી રાતવરાત પાણી ભરવા જવું પડતું.

વીયરીમાંથી પાણી ભરવું એટલે એક કસબી જેવું કામ હતું. એક ઘાઘર ભરતાં ૧૫/૨૦ મિનિટ લાગી જતી. અંધારામાં ક્યારેક પડી પણ જવાતું. આ બધા કાર્યો કરતાં કરતાં ધાર્મિક સજ્જાયો, પ્રતિક્રમણ વગેરે કંઠસ્થ કરાતાં. ચાર્તુમાસ હોય તો સાધુ-સંતો માટે ગોચરીની તૈયારી પણ કરવી પડતી. સાથેસાથે મહેમાન આવે તો એમની આવ-ભગત કરવી પડતી. પરિવારમાં કોઈ સાજું-માંદુ હોય તો પગે ચાલીને બીજા ગામે એમની ખબર કાઢવા જવું પડતું. ક્યારેક કોઈનું અવસાન થાય તો પગે ચાલીને એ ગામે શોક વ્યક્ત કરવા જવું પડતું.

ફાજલ ટાઈમમાં ઘરની ફરસને છાણથી રાગવુ પડતું (ત્યારે ઘરમાં જવલ્લો જ લાદીઓ નખાતી) વાર તહેવારે ઘરની સાફ સફાઈ કરવાની રહેતી. ચોમાસું પતે એટલે ઘરના ગાંદલાં-ચાદરો વગેરે તડકે નખાતાં. અનાજનો પણ તડકામાં સૂકવવું પડતું.

આ બધાં કામો સાથે બાળકોને ધાર્મિક શિક્ષણ અપાતું, સારા સંસ્કાર પડે એટલે ધાર્મિક વાર્તાઓ વગેરે સંભાળાવવી.

આમ એકંદરે બહેનો ને સવારથી સાંજ સુધી કામો કરવાં પડતાં.

આ કામો કરવાથી આજની બહેનોને ઈર્ષ્યા આવે એવું શરીરનું જતન થતું.

એ માતાઓને ધન્ય છે જેમણે આટલાં કષ્ટ વેઠીને અમને ઉછેર્યા, સંસ્કાર આપ્યા.


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭

**પગદંડી**

અંક : ૦૫ ઑગસ્ટ ૨૦૨૪

**તંત્રી : અશ્વિન માલદે**
**સંકલન : સંજય છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)
મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**
૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# એકલતાની ઔષધી



સંજય માવજી દેઢિયા

એકલતા એક એવો શબ્દ છે જે બોલતાં જ ગીતકાર પ્રદીપનું લખેલું ફિલ્મ સંબંધનું સુંદર ગીત યાદ આવી જાય છે.

ચલ અકેલા, ચલ અકેલા, ચલ અકેલા...

તેરા કોઈ સાથ ના દે તો તુ ખુદ સે પ્રીત જોડ લે

બિછોના ધરતી કો કર કે અરે આકાશ ઓઢ લે...

આ સુંદર ગીત જાણે કે એકલતાને કેવી રીતે મૅનેજ કરવું એના ઉપર જ લખાયું છે...

મારા મતે એકલતા એ એક અનુભૂતિ છે, એક લાગણી છે અને જરૂરી નથી કે એ હકીકત હોય...

એક કહેવત યાદ આવે છે કે, ''અપેક્ષા એ જ ઉપેક્ષાનું કારણ હોય છે''.

ઘણી વખત આપણે સમય સાથે ચાલી નથી શકતા કે એમ કહો કે પરિસ્થિતિને સ્વીકારવા નથી માંગતા અને એ વખતે આપણો અહમ્ આડે આવે છે અને એ વખતે આપણને લોકોનાં તિરસ્કાર, અવગણાના, ઉપેક્ષા, મહેણાં વગેરેનો સામનો કરવો પડે છે, ત્યારે જે એકલા પડી જવાની લાગણી ઉત્પન્ન થાય છે અને એ વખતે એના ઉપર કામ નહીં કર્યું તો એ એકલતામાં પરિણમે છે જે ઘણી વાર લોકોને ડિપ્રેશનમાં લઈ જાય છે.

મહાન લેખક સ્ટીફન કૉવેની ''7 Habits of highly effective people''ની બુકમાંની પાંચમી આદત છે ''Seeking to understand before being understood''. એનો મતલબ પહેલા તમને લોકો સમજે એવું ઈચ્છવા કરતાં પહેલા તમે પોતે સમજો એ જરૂરી છે...

''Happiness is always a choice''. મારા મતે ખુશી એક પસંદગીનો વિષય છે. ગમે એવી પરિસ્થિતિ હોય તમારે પસંદ કરવાનું છે કે મારે ખુશ રહેવું છે અને આગળ વધવું છે કે મારે એમાંથી કોઈ દોષ કે નકારાત્મક મતલબ કાઢીને અટકી જવું છે

મારા મતે એકલતા એક અભિશાપ નહીં, પણ એક વરદાન છે, એક તક છે, તમને તમારાં અધૂરાં સ્વપ્નો, અધૂરી ઈચ્છાઓ પૂરી કરવાની.

એકલતાના પ્રવાસમાં તમે પોતાની સાથે આત્મમંથન કરી શકો છો. લોકો આત્મખોજ માટે ૧૦ દિવસની વિપશ્યના શિબિરમાં જાય છે, તો કોઈ લોકો જીવનભરની હાયવોય બાદ પોતાના માટે જીવવાની તમન્ના સાથે ખુશ રહે છે. તો એમ કહેવું ખોટું નહીં હોય કે એકલતા ખરેખર એક ઔષધી છે જીવન માણવાની, પોતાના માટે જીવવાની...

મારાં મમ્મીનો જ દાખલો લઇએ તો ૨૦૦૫માં મારા પપ્પાના અકાળે અવસાન બાદ મારી મમ્મી સાવ એકલી પડી ગઈ હતી. પણ ધીરે ધીરે એમાંથી બહાર આવવા માટે એણે પોતાના મનગમતા શોખમાં વ્યસ્ત રહેવાનું ચાલુ કર્યું અને જોતજોતામાં એણે ગૂંથણકામ (croshet)માં અનેક ડિઝાઇનો બનાવી. એના ક્લાસ લેવાનું ચાલ કર્યું. કમ્પ્યુટર શીખી, ઈન્ગ્લિશ શીખી ને અનેક અને ક્રાફ્ટના કોર્સ કર્યાં.

એમના ગૂંથણકામ (croshet)ના શોખને જોતાં અમારા એક સંબંધી એ મધર ઈન્ડિયા ક્રોશેટ ક્વિન્સ ઈન્ડિયા દ્વારા ગિનેસ બક વર્લ્ડમાં જોડાવાનું સૂચવ્યું. અને એ એમાં જોડાઈ ગયા. ૨૧ મે ૨૦૧૭ના ચેન્નાઈ ખાતે અને ૩૦ ઑગસ્ટ ૨૦૧૮ના નવી દિલ્હી ખાતે એ બે વખત એમણે ગિનસ બુક રૅકાર્ડમાં સ્થાન મેળવ્યું.આજે મારી મમ્મી મુલુંડ સેવા સમાજની વડીલ મિલનની સમિતિમાં પ્રવૃત્ત છે અને ખૂબ વ્યસ્ત તથા ખુશ છે.

તો ચાલો આજથી આપણે સૌ પણ પોતાના માટે જીવવાનું વિચારવાનું શરૂ કરીએ અને આપાં વ્યસ્ત જીવનમાંથી દરરોજ પોતાના માટે ''Me Time'' કાઢીને એકલતાને ઓષધી બનાવીએ.

ગામ : દેઢિયા મુલુંડ

Since 2000
100% Pure Vegetarian
श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी
Our Products
*Bakery & Confectionery • Cakes & Patisserie*
*Indian Sweets • Hot Farsan*
*Dry Farsan • Low Calorie Food (Diet Food)*
**100% PURE JAIN PRODUCTS**
3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
72 77 88 33 55 / 800 9955 443

# સાહિત્ય-અમૃત



**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.<br>(અમૃતા પ્રીતમની આત્મકથા)<br>મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

***એક સર્જકની કલમમાંથી અવતરતું - અંકુરિત થતું એનું સર્જન ન કેવળ મનુષ્ય નામના પ્રાણીનો પરંતુ સમગ્ર સૃષ્ટિના અસ્તિત્વનો ધબકાર હોય છે. માનવપ્રાણીની જિન્દગીનો આલેખ હોય છે એનું સર્જન. પુસ્તકનાં એ પૃષ્ઠો જિન્દગીનાં પૃષ્ઠો હોય છે. એ પૃષ્ઠો પર છવાયેલી હોય છે સર્જકે અનુભવેલી આનંદની ક્ષણો, એનાં આંસુ, એનો આક્રોશ, આકાશને ધ્રુજાવી દેતો એનો ચિત્કાર, મૌન થઈ સમી જતી એની સંવેદના, એની આંખોમાં સ્થિર થઈ ગયેલું વિસ્મય, નિષ્ઠુરતાથી ઉદાસીમાં ધકેલી દેતી અવહેલના, એના માર્ગમાંના પથ્થરોની ઠોકરો અને જખમ, દુઝતા ઘા પર નમક છાંટવાની થતી ચેષ્ઠા, ચારેતરફ અફાટ સમુદ્ર વચ્ચે હલેસાં વગરની નૌકાની એકલતા અને એ જ સમુદ્રના, નૌકાના અસ્તિત્વને વિચ્છિન્ન કરવા તત્પર, આકાશ તરફ ધસી જતાં મોજાંઓની શૃંખલાઓ અને... અને... નવજાત શિશુના અધરપુષ્પ પર વિલસી રહેલું અણબોટ સ્મિત.***

*અમૃતાની જીવનસંદૂકમાં સચવાયેલાં છે અનુભૂતિનાં આ પૃષ્ઠો. સંવેદનાની શાહીના સહારે અમૃતાની કલમ પ્રકટે છે એના સર્જનમાં. અનુભૂતિથી રસાયેલું છે અમૃતાનું વિપુલ સાહિત્ય. હૃદયમાંથી પ્રસ્ફૂટિત થતું એનું સર્જન એથી જ તો સ્પર્શી જાય છે એના ભાવકને - વાચકને.*

*અમૃતાની એક નવલકથા છે, 'આલના'. એનું એક કલ્પિત પાત્ર છે, 'નીના'. નવલકથામાં નીના મૃત્યુ પામે છે. નવલકથા લખતી વખતે નીનાની એક કાલ્પનિક આકૃતિ અમૃતાના મનોવિશ્વમાં અંકિત થઈ ગઈ. એ સમયે અમૃતાના સપનામાં નીના આવે છે. ગુસ્સામાં, ચુપચાપ અમૃતાની સામે આવીને ઊભી રહે છે અને અમૃતાને કહે છે:*

'તમે મારો અંત આટલો દુ:ખી કેમ બનાવ્યો? કેમ? જો હું જીવતી રહેત તો તમને શો વાંધો હતો? તમે મને કેમ મરવા દીધી? કેમ? મારે જીવવું હતું.'

*અમૃતાએ આ નવલકથામાં ત્રણ પેઢીઓની વાત કહી છે. આ ત્રણ પેઢીઓની વાતનું પ્રતીકાત્મ સ્વરૂપે નિરૂપણ કર્યું છે. નવલકથામાં એક જગાએ નીના કહે છે ....*

'મારી મા પણ સુખી ન થઈ શકી, એ કદાચ હું જ હતી આગલા જન્મમાં અને હવે હું સુખી ન થઈ શકી બીજા જન્મમાં, કદાચ મારી પુત્રીના રૂપમાં સુખી થઈશ ત્રીજા જન્મમાં.'

*અમૃતાનો આશય અહીં જન્મ-પુન:જન્મની વાત કહેવાનો મુદ્દલે ન હતો. અહીં ત્રણ જન્મનું રૂપક લઈ ત્રણ પેઢીની કથાનું આલેખન કર્યું છે અમૃતાએ. પરંતુ વાચકોમાંથી કેટલાકે એને અન્ય દૃષ્ટિએ જોઈ. એક વાચક છોકરીના મનમાં એ એવી સ્પર્શી ગઈ કે એ પોતાને નીના જ સમજતી રહી અને એના મનમાં એવું જડબેસલાક બેસી ગયું કે એ મૃત્યુ બાદ ત્રીજા જન્મમાં જશે ત્યારે જ સુખી થશે. એ અમૃતાને પત્ર લખતી રહી, પણ ક્યારેય એનું સરનામું જણાવ્યું નહીં. એ કેવળ લખતી:*

*'હું તમારી નવલકથાની નીના'.*

*પ્રશ્ન એ છે કે આજે કોઈ પણ સાહિત્યકારના સર્જનની આવી અસર વાચક - જનમાનસ પર કેમ નથી થતી? રવીન્દ્રનાથ ટાગોર, મુન્શી પ્રેમચંદ, આપણા ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ કે ઉમાશંકર જોષીએ જનમાનસ પર એમના સર્જનની એક*

*અમીટ છાપ ઉપસાવી હતી. આજે કેમ બધું બદલાઈ ગયું છે ? આજે કેમ કોઈ સર્જકની કલમ વાચકના મનને ઝંઝોડવાનું સામર્થ્ય ગુમાવી ચૂકી છે ?*

*અમૃતાની એક નવલકથા છે, 'એક થી અનીતા'. આ નવલકથા ઉર્દૂમાં છપાઈ. હૈદરાબાદથી વેશ્યા કુટુંબની સ્ત્રીનો એક પત્ર નવલકથા સંદર્ભે આવે છે. પત્ર લખનાર સ્ત્રીએ વિશ્વાસપૂર્વક કહ્યું કે, આ વાર્તા એની જ જિન્દગીની કથા છે. એનો આત્મા પવિત્ર છે. એણે એના જીવન પર વાર્તા લખવા અને એને માટે દિલ્હી આવવા તૈયારી દર્શાવી. એણે એનું નામ અને સરનામું પણ આપ્યું. અમૃતાએ એને પત્ર લખ્યો, પણ પછી એ સંવેદનશીલ સ્ત્રીનો પત્ર ક્યારેય આવ્યો નહીં.*

*અમૃતાની એક નવલકથા છે, 'એરિયલ.' 'એરિયલ'ની નાયિકા અમૃતાને ઘરે લગભગ દોઢેક મહિના રહી. અમૃતાએ એની જિન્દગીને અનુલક્ષીને 'એરિયલ' લખી. અમૃતાએ નવલકથા સર્વ પ્રથમ એને સંભળાવી હતી અને ત્યારે એની આંખોમાં સંતોષનાં આંસુ આવ્યાં. એ સંતોષનાં આંસુ જોઈ અમૃતા કહે છે. :*

આ રીતે જો કોઈ વ્યક્તિવિશેષ પર વાર્તા કે નવલકથા લખું તો એ પાત્રનો સંતોષ મારે માટે વાર્તા છપાય એ કરતાં જરૂર વધુ હોય છે. મને વિશ્વાસ છે કે રચના માનવ જીવનના અધ્યયનને માટે છે.

*અમૃતાએ એની નજીકના આપ્તજનો, બહેનપણીઓ, પરિચિતોના જીવનનું એની વાર્તાઓ અને નવલકથાઓમાં અવતરણ કર્યું. એક વિદેશી યુવતી એની વાર્તાની નાયિકા હતી. વાર્તામાં એનું મૃત્યુ થાય છે. વર્ષો વીતી ગયાં એને. અમૃતા એ વિદેશીના દેશમાં ગઈ. એ વિદેશી અમૃતાને મળતાં ખૂબ ઉમળકા સાથે જોરથી ભેટે છે. એ સમયે એના પ્રથમ શબ્દો હતા...*

'જુઓ, હું હજીય જીવતી છું. વાર્તાના
મૃત્યુમાંથી પસાર થઈનેય જીવતી છું.'

*બન્નેએ સાથે છબી પડાવી. આનંદવિભોર એણે અમૃતાને એના દેશની કેટલીય ભેટો આપી.*

*અમૃતા કહે છે.:*

ખરેખર, મારાં પાત્રો અને એમનો મારે માટે પ્રેમ એ મારી અસલી શ્રીમંતાઈ છે.

*અમૃતાની એક નવલકથા છે, 'જેબકતરે'. આ નવલકથામાં મનની જાગૃત ચેતન અવસ્થા અને અચેતન મનની કોઈક શાંત, વણપ્રીછેલી, વણસ્પર્શી ઘટના અંગેની વાત છે, અચેતન મનમાં પડેલી-સંગ્રહિત થયેલી કોઈ વાત અજાણતાં જ ક્યારેક વાસ્તવિકના સ્તરે આવીને ગોઠવાઈ જાય છે એના સર્જનમાં. 'જેબકતરે'ની કથામાં એ જ વાત વણાઈ જાય છે.*

*'જેબકતરે'માં એક પાત્ર છે તનવીર. તનવીર જેલમાં છે. જેલમાં તનવીરે એક કવિતા લખી છે અને ગમે તેમ કરી જેલની બહાર મોકલે છે. કવિતા નીચે પોતાનું નામ ન લખતાં તનવીરે લખ્યું, 'કેદી નંબર ૬૮૯૧૯.' આ કેદી નંબર અમૃતાના અચેતન મનમાં પડેલો હતો અને એને યાદ આવે છે, મેક્સીમ ગોર્કી જ્યારે કેદમાં હતા ત્યારનો એમનો આ નંબર હતો. અમૃતા મૉસ્કોમાં હતી. ગોર્કીનું સ્મારક જોતી વખતે અમૃતાએ આ નંબર એની ડાયરીમાં ટપકાવી લીધો હતો. નવલકથા લખતી વખતે અચેતન મનમાં પડેલો આ નંબર ચેતનાના સ્તરે કલમની રાહે આવીને પ્રકટે છે.*

*અમૃતા :......*

હા, આ રીતે ક્યારેય ખબર નથી હોતી કે ચેતન અને અચેતન રચનાઓ ક્યારે ને ક્યાં હળીમળી જાય છે.

*'જેબકતરે' નવલકથા અમૃતાએ એના યુવાન થતા પુત્ર નવરાઝના જીવનને આધારે લખી હતી. પુસ્તકોના કાગળો પર અંકિત થયેલા અક્ષરો છે જિન્દગીની કિતાબનાં પૃષ્ઠો. જિન્દગીનાં આ પૃષ્ઠોમાં અંકિત થયેલી છે નવરાઝ અને કંડલાના જીવનની વાતો- અમૃતાની અનુભૂતિઓ.*

*હવે પછી : જિન્દગીનાં પલટતાં પૃષ્ઠો*

**સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧**

**કચ્છ - બાડા**

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## 'પગદંડી' જુલાઈ, ૨૦૨૪

જુલાઈ મહિનાના પગદંડીના અંકમાં તંત્રી લેખ શૂટ એટ સાઈટ વાંચ્યો. લેખ સુંદર અને સચોટ હતો. આજના મોબાઈલ યુગમાં માણસોને સેલ્ફી અને વીડિયો શૂટમાં જ રસ છે. તાજું ઉદાહરણ મુશી ડેમની હોનારત છે. તેમાં પણ માણસો ફોટા કાઢવામાં મશગૂલ રહ્યા, પણ કોઈએ પણ સરકારી યંત્રણા કે અન્યની મદદ લીધી હોત તો ચોક્કસ કોઈના જીવ બચી જાત.

પગદંડીના સર્વે લેખકોને હું ધન્યવાદ આપું છું કે આપ સર્વેના લેખો ધારદાર હોય છે અને એમાં ઘણા સમાજલક્ષી વિચાર રજૂ કરો છો, જે કાબિલે તારીફ છે આપ બધા લેખકોના લેખ સચોટ હોય છે. એમાં લીલાધરભાઈ ગડાના ''પગ મેં ભમરી '' લેખ તો બહુજ અનુમોદનીય છે. સમાજના છેવાડાના માનવીની કઠણાઈનું વર્ણન વાંચતા, તો ક્યારેક આંખોમાં આંસુ આવી જાય છે. આવા જ સમાજલક્ષી લેખો લખી ને સમાજમાં જાગૃતતા લાવવાના પ્રયત્ન બદલ પગદંડીનો ધન્યવાદ.

**હિતેશ ખીમજી વિસરિયા,**
ગઢશીશા, ડોંબિવલી

## તંત્રી લેખ શૂટ એટ સાઈટ

Very happy to see photograph in Pagdandi Tantri Lekh of "Shoot at Sight"

Accommodating photographs in article supporting visual expression will be a positive step forward

- Lax Kenia, Mtuga

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
**સંજય ચંદન વિસનજી**
**૯૮૯૨૮૧૫૩૬૭**

- તંત્રી

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

આજે સવારનાં હાથરસનાં ભક્તોના મેળામાં ૧૩૦ જેટલા ભક્તોનાં દુઃખદ અવસાન વાંચી આક્રોશ થયો.

આપણે ઈશ્વરના સંતાન છીએ, પિતા પુત્ર વચ્ચે સંવાદ સ્થાપિત કરવામાં બાબાઓ, મૌલાઓ, સાધુઓ, મુનીઓ, માતાઓની ક્યાં જરૂરત પડે છે. ભોળા લોકોને ફોસલાવી, ડરાવી, લલચાવી દરેક સંપ્રદાયનાં ધર્માચાર્યો એમને ગેરમાર્ગે દોરે છે. આવા લોકો મહાલયોમાં રહે છે, પોશ ગાડીઓ વાપરે છે, હેલીકોપ્ટર કે વિમાનો ધરાવે છે અને ઉપદેશ સાદાઈનો, ઉપભોગથી દૂર રહેવાનો આપે છે. વાણી અને વ્યવસ્થાનો ઉત્તમોત્તમ ઉપયોગ કરી એક આભામંડળ રચે છે જેમાં સૌ અનુયાયીઓ ગુમરાહ બને છે. શાસન પણ એમની સહાય લે છે અને સહકાર આપે છે. છેલ્લા પાંચ દાયકામાં માત્ર ભારતમાં ભક્તોની આવી ભીડે ૩૦૦૦ થી વધારે લોકોનો ભોગ લીધો છે.

પ્રતિવર્ષ મક્કા મહિનાની હજ યાત્રામાં ભીડ અને ભીષણ ગરમીને કારણે સેંકડોથી હજારો યાત્રીઓ મૃત્યુશરણ થાય છે.

આવા મૃત્યુઓને એમ કહેવાય છે કે એનાથી તમે ખુદાના, ઈશ્વરનાં, જીસસનાં કે મોક્ષનાં દરબારમાં પહોંચી ગયા છો. એક આભાસી દુનિયા માટે કેટલા પ્રપંચો રચાય છે. અને કેટલા એનો ભોગ બને છે. આ અનંત છે કારણે કે માણસ માત્રને કોઈને કોઈ લાલચ રહે છે. આપણે એમનાથી બચીએ એમાં આપણું ભલું છે.

લિ. લીલાધર ગડા- અધા


આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**

# ઊર્મિલહર



સંપાદક : **વિશન નાગડા**

મિઠા,

પાં કાને-મંતર વિગરજેં શબ્દેં જી શોધમેં ‘વતર’ શબ્દ કે તપાસી ઈનજો અરથ (ધરતીમાં રહેલી વરસાદની ભીનાશ) ચુટો કયો. પાં વતર જી વિગતેં ગાલ કિઈ.

‘વતર’ શબ્દ લિખેમેં થોડી મુંજ થીંધી ડિસાજેતી. ઘણો જેંણાં વતર કે ‘‘વતર’’ ન લિખંધે ‘‘વત્તર’’ - તકે બેવડો લિખેંતા ઈ ઇનીજી ગેરસમજણ થકી થીયે તો. કચ્છી ભાષામેં કોય પણ વ્યંજન ડબલ નતો બોલાજે. **ઈતરે જીં સકર (ખાંડ), ભજર (તપકીર), ખબર (સમાચાર) લિખે ટાણે પાં ક/જ/બ કે બેવડાયૂં નતા તીં ‘વતર’ મેં પણ ત સીંગલ જ લિખણૂં.**

કચ્છીમેં લિખંધલેં કે હિકડી અરધાસ આય કે કોય પણ અખર (અખર જો ખ સીંગલ) ડબલ ન લિખેં, ‘જિકર’ કે ‘જિક્કર’ ન લિખેં! પાં શબ્દ જાતરામેં ઈગીયા નજર કયું.

૧) વથ- સ્ત્રી. સંતતિ (શ્રી દુલેરાય કારાણી સંપાદિત કચ્છી-ગુજરાતી શબ્દકોશ) ‘વથ’ શબ્દ કચ્છીમેં આય, પણ સામાન્ય રીતે જાણકાર માડૂએં વટા પણ ઈ શબ્દ તેરઈ નતો મિલે. કારાણી બાપા વથ જા બ અરથ, હિકડો ‘સંતતિ’ ને બ્યો

૨) વથ - સ્ત્રી. માલ ડિનાં અયાં પણ ‘માલ’ જે સંદર્ભજી ચુટાઈ નાંય કયાં. કચ્છીમેં માલ શબ્દ સામાન્ય રીતે પશુધન લા વપરાજેતો. ભાકી ‘માલ’ ઇતરે ધનમાલ, પૂંજી ઈ અરથ ત આય જ ને માલ ઈતરે સત્ત્વ, દમ ઈ પણ પાં જાણેતા ઈન ગાલમેં કીં માલ નાંય!)

કારાણી બાપા ‘વથ’મેં માલ જો કયો અરથ ગેડાં હૂનાં ઈન મથે જાણકાર ચુટાઈ કરીએં ત ‘વથ’ જેડે અસામાન્ય શબ્દ જે અરથજી જરૂર સ્પષ્ટતા થીયે. આં મિણીકે ‘વથ’ મથે પ્રકાશ પાડે લા વિનંતિ.

**પનપટીઃ** ‘વથ’ મથે કચ્છીમેં કો લોકવાણી જો બોલ નતો મિલે પણ ‘બની’ વારા પાંજા મિત્ર શ્રી કલાધર મુતવા (ગોરેવલી-જુકો સફેદ રણ વટે ગામ આય) ચેંતા બનીમેં હિકડી ચોવક આય. ‘‘વક્ત (વખત) વડી વથ આય’’ અર્થાત્ સમય એ મોટી મૂડી છે! સચી જ ગાલ આય. માડૂ વટે ગમે તિતરો પૈસો વે પણ ટેમ ન વે ત હઈયો! ટેમ જી કિંમત પૈસે કતાં પણ જિજી આય. ભલેં તડેં આવતે મેણો પાં મિલોં તોસીં તઈ. ‘વથ’ જો કો અરથ મિલે ત જરૂર ફોન કઈજા...

**આંજો વિશન નાગડા,**
**મો.: ૯૮૨૦૪૫૬૮૯૯**

## 'મોંઘેરી પાર્ટીનો ઘોંઘાટ'

વસ્ત્ર આભૂષણોથી સજ્જ,
   અહંકારી સજ્જનોનાં ટોળાં જુઓ !
મનથી કાળા પણ મેકપ સઝાવી,
   સૌના મોઢાં અહીં ઊજળાં જુઓ !

જૂઠી શાન રૂપિયાનાં,
   ધુમાડાની કેવી સજાવટ જુઓ !
પલભરમાં સમેટી લેવી,
   આ પાર્ટીની બનાવટ જુઓ !

એક બીજા ઓળખાણ કરાવે,
   મોભાની મુલાકાત જુઓ !
આવે સૌ ચંડાલ ચોકડી,
   કોઈ નથી બાકાત જુઓ !

સ્ત્રી પુરુષનો વેશ્યા વાડો,
   આજના આ મેળામાં જુઓ !
સેક્સ ભરેલી તુચ્છ નજરની,
   આંખોથી અંતરમાં જુઓ !

ડિસ્કોની સંગ નાચે બેસે,
   આ હીજડોની બારાત જુઓ !
અત્તરમાં ગંધ ઢંકાતી,
   મન મેલી મુરાદ જુઓ !

પોતાની વાત છુપાવતો,
   આ માણસની જાત જુઓ !
પશુથી પણ પાછળ ગયો,
   કેટલો એ પછાત જુઓ !

'પ્રેમ' કહે હવે નથી માણવો,
   આ પાર્ટીનો ઘોંઘાટ જુઓ !
ચકચૂર નશો ચાલ્યા ગયા,
   હવે કોની અહીં શું વાટ જુઓ !

વેલ લટકતા જગમગતા,
   આ તારા કંઈક કહેતા જુઓ ?
બુઝાઈ ગયા માણસાઈના દીવા,
   'પ્રેમ' હજી અમે ટમટમતા જુઓ !

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**

**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## સફર થીએ સવેરી

વણઝારા આંજી સફર થીએ સવેરી,
રણધરા આય ખારે પાટજી ખેરી.
         વણઝારા...

ઉઠેં મથે રખી ઓતારા,
ફિરો ભલોં એં ફેરી;
પંથીડો કો વાટ ભુલો વે,
તેજી ખોજ કરીજા ઠેરી.
         વણઝારા..

રણ મેં રાત અંધારી કારી,
કંઈ જીવ ફિરે મિંજ ઝેરી;
ભજી ભજી ને કિત ભજેં,
રણ મેં ન-વે કો સેરી,
         વણઝારા....

કિતે-કિતે તાં એંડી અચે-
વરી ગપ ઉની ને ઘેરી;
ઈન ગપ મેં કો ગયે મુસાફર,
'તેજ' ખફણ ખણોતો ભેરી,
         વણઝરા...

**- કવિ 'તેજ' (તેજપાલ ધારશી નાગડા)**

## ભીનાં થયાં

વરસાદના ભીનાશથી કાગળ કલમ ભીનાં થયાં,
આ ટેરવાં ભીનાં થયાં શબ્દો ગઝલ ભીનાં થયાં.

જેમાં હતી સંવેદના રાધા સમી, મોહન સમી,
વરસાદને ઝીલી જ એ, સઘળાં જણસ ભીનાં થયાં.

ને પ્રીતતો ઊછળી પડી વરસાદનું રૂપ જોઈને,
જેમાં હતો ભીનો પ્રણય! એ સૌ હૃદય ભીનાં થયાં.

ફૂલોમાં પણ જોઈ અસર, ભીનાશથી રંગત વધી,
તો શાને બાકી એ રહે! ઉડતા ભ્રમર ભીનાં થયાં.

આ દિલ સદાયે ભીનું છે, આવે વળી વરસાદ એ,
તો લઈ ગઈ વરસાદમાં! સાથે સજન ભીનાં થયાં.

જે પ્રેમ યાદોમાં હતો, ભીતર એ ઊભરાઈ ગયો,
ને દર્દ એ જાગ્યું ફરી! સૂનાં નયન ભીનાં થયાં.

**મંજુલા એસ. રાંભિયા 'મંજુ'**
**મો. : ૯૩૨૧૫ ૪૪૪૪૨**

• • • • • • • • • • • •

## માની

અજ માની માડૂકે નચાયતી,
ઊંધા નેં સાં કરમ કરાયતી.
કિતેક ભંઢારા ભરલ ભારી,
વરી કિતેક ભુખસેં સુસાયતી.
ધીંગી માની હિન ધરાજી,
કડેંક મિઠા માડૂલા મારાયતી.
ગરીભ સાઉકારજી ચાગલી.
અજ પાંકે પિંઢમેંજ વિડાયતી.
માની તા હકજીજ ખાવાજે,
જુકો ખાઈને ખુમારી વતાયતી.
''અગમ'' મોંઘેરી માની જીજલજી,
જુકો જીંયણાકે જભરો ભનાયતી.

**- આસમલ ધુલિયા ''અગમ''**

## માણીયૂં...

હલ, જીવડા, સેંસેકે મારીયૂં,
ચાર ડીંએં જે મેડેકે માણીયૂં.

જુકો નમ્યા ઊ સઉકે ગમ્યા
નીમ ચિતમેં એડો પાં પારીયૂં,

ખુટલેંકે ત માન મોભા મિલેં,
ઇનીં લૂરેંજી સંગત મ ધારીયૂં.

ડુબરે ઘરજી કેર કરેતો પુછા,
ભાગેં જુકો મિલે સે બાટીયૂં.

ધિલમેં કૂડ-કપટ પાં ન રખીયૂં,
સચાઈસેં વગ નિત પાં ચારીયૂં.

વિઈ તિથકે ભ્રામણ પ નં વાંચે,
અડેખાઈ જે થોથેકે પાં ખારીયૂં,

રાજ ઘણોં એં પાંજે જીયણાજા,
મન ગાંયણીમેં સેંસે કે ગારીયૂં.

ચૉખો નેં ચટ આય હિસાભ,
વેવારમેં સીધી લીટી તાણીયૂં,

ખિલી ખટાંધોં જગ કે 'સનમ',
ધુસમણીજા બિજ ન વાવીયૂં,

- વાલજી બળગા 'સનમ'

વાવીયૂં - પોખીયૂં

---

ઈ મિણીકે, ઈંચ જ ખુંઢીધો વિઠો,
ઈનકે ધ્રો નતો થીએ,
માલ મિલકત, બેંજી ચુઢીંધો વિઠો,
ઈનકે ધ્રો નતો થીએ !

- વાલજી બળગા 'સનમ'

## ખાનાબદોશ

ભાયાજી આપણ જનમજનમના
ખાનાબદોશ,
ખોયડું ખભ્ભે ધરીને ચાલવું
કોસ ના કોસ,
ભાયાજી આપણ ભવભવ ફરતાં
ખાનાબદોશ.

લખચોરાસી ફેરા, ન ધામા, ન સરનામાં,
ભવમંડળમાં આતમ ખેડે સફરનામાં,
માસ છ માસે ભરવા ઉચાળા,
ભાદરવો હોય કે પોષ,
ભાયાજી...

હર અવતારે નવું કલેવર ધરવું આતમને,
ખાંધે આખું ઘર ને ચરણ વળે ગમનને,
આંખોમાં અજંપો આંજી મનેકમને,
લલાટે લખ્યા ફેરા ફરવા લઈ યમદોષ.
ભાયાજી....

ખાનાબદોશ = વિચરતી જાતિ, ઘર વગર ફરતા કારીગરો.

**- ભાનુબેન સાવલા 'ભદ્રા'**

• • • • • • • • • • • •

## બેટો થીએતો

જડેં ગાલ ગાલ મેં ખેટો થીએતો,
તડેં માડુ સે માડુ જો છેટો થીએતો,
વડ નિઢાંઈ જેડો કીં રેઓ નાય 'તેજ',
અજ બાપા કે સામે બેટો થીએતો.

## મા

છોરા ખેંધા વેં તેંકે નેઆરે 'તેજ'
મા-ભુખઈ વે તય ભખીઓ ન વિજે ?

## શ્રદ્ધા રાખું છું

ગુણ ગાવા પ્રભુના, ભજન પર શ્રદ્ધા રાખું છું.
લખવાને ગઝલ, કલમ પર શ્રદ્ધા રાખું છું.

નીકળુ છું અંધારે, દીવો લઈ હાથમાં,
સાચી રાહ ખોળવા, નજર પર શ્રદ્ધા રાખું છું.

અટપટો છે મારગ ને વચ્ચે ખાડા ટેકરા,
પહોંચીશ મંજિલે, ડગર પર શ્રદ્ધા રાખું છું.

નૈયા મારી હાલકડોલક થાતી મઝધારે,
લાંગરશે કિનારે, પવન પર શ્રદ્ધા રાખું છું.

ધોમધખતા રણમાં, છે કાળઝાળ ગરમી,
છીપાવશે તરસ, પરબ પર શ્રદ્ધા રાખું છું.

છેલ્લો શ્વાસ લઈ જ્યારે ચાલી નીકળીશ 'કોકી',
આવકારશે મા જેમ, કબર પર શ્રદ્ધા રાખું છું.

**- કોકિલા ગડા 'કોકી'**
**મુંબઈ**

• • • • • • • • • • • •

## કરમી થીઓ

ઐંજ એડા કામા કરે કરમી થીઓ....
ઉધારી વારસ ધારી મિંજા કીં ન-વરે,
કેંકે વતાયલા ઐં પાગડીયું પેરેઓતા,
ખુટી ફારસધારી મિંજા કીં-ન-વરે.

## ધર્ધ ખાણી ફિરોંતા

અસાં એડી કો વેરા ખણી ફિરોંતા,
ખુસર કાયા સેં ફેરાખણી ફિરાંતા,
અસાંજા વીઆ કીં ધાર થીએં 'તેજ',
તડેં તાં ધર્ધ અસીં ભેરા ખણી ફિરોંતા.

# રેતીની ઓટલી

(ગઈ પેઢીનું એક ઉત્તમ ભાવસભર બાળગીત)

દરિયાને તીર એક રેતીની ઓટલી
ઊંચી અટૂલી અમે બાંધી જી રે,
પગલું તે એક એક પાડે મહેમાન એમ
રામજીની આણ અમે દીધી જી રે.

પહેલા મહેમાન તમે આવો, સૂરજદેવ,
પગલું સોનેરી એક પાડજો જી રે.
પગલામાં નવલખ તારાની ભાત ને
સંધ્યાના રંગ બે'ક માંડજો જી રે.

બીજા મહેમાન તમે આવો, પવનદેવ,
પગલું પનોતું એક પાડજો જી રે.
પગલામાં વાત લખો પરીઓના દેશની
ફૂલડાંની ફોરમ પૂરજો જી રે.

ત્રીજા મહેમાન તમે આવો, સમદરદેવ,
પગલું મોતીનું એક પાડજો જી રે,
પગલામાં મહેલ ચણી સાતે પાતાળના,
માણેકના દીવા પ્રગટાવજો જી રે.

ધીરે મહેમાન જરા ધીરેથી આવજો,
પગલાં તે પાડજો જાળવી જી ને,
જોજો વિલાય ના એ પગલાંની પાંદડી,
બાળુડે ઓટલી બનાવી જી રે.

**- સુંદરમ્**

# રઙરડીલો રૂમાલીયો

**(લોકગીત-તાલ:વાવલ)**

રઙરડીલો રૂમાલીયો મૂંજો રેલગાડીમેં આયો !
રેલગાડીમેં આયો મૂંજે ડાડાણે મોકલાયો !...
રઙરડીલો...

રૂમાલીયેમેં મોર બપૈયા કોયલ સોર મચાયો રે !
છેલછભીલો રૂમાલીયો મૂંજો રેલગાડીમેં આયો...
રઙરડીલો...

રેલગાડીમેં આયો મૂંજે કાકાણે મોકલાયો
છેલછભીલો રૂમાલીયો મૂંજો રેલગાડીમેં આયો...
રઙરડીલો...

રેલગાડીમેં આયો આઉં તાં મુંભઈથી મડાયો
છેલછભીલો રૂમાલીયો મૂંજો રેલગાડીમેં આયો...
રઙરડીલો...

રેલગાડીમેં આયો મૂંજે મામાણે મોકલાયો
છેલછભીલો રૂમાલીયો મૂંજો રેલગાડીમેં આયો
રઙરડીલો રૂમાલીયો મૂંજો રેલગાડીમેં આયો !

**(પારંપરિક લોકગીત)**

જીવનમાં ક્યારેય કઈની મજાક ના
ઉડાવો કે કોઈને નીચા ના દેખાડો...
કારણકે તમે ભલે સૌથી શક્તિશાળી હોવ,
પરંતુ તમારા કરતાં પણ કોઈ શક્તિશાળી છે...
અને એનુ નામ સમય છે...!!!

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ જૂન, ૨૦૨૪ થી તા. ૩૦ જૂન, ૨૦૨૪)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ✪ અવયવદાન : ✷**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ગં.સ્વ. કસ્તૂરબેન બસંતીલાલ ખીમજી વિકમાણી | ૮૮ | કોટડા (રોહા) | અલીબાગ |
| ભરત રતિલાલ ગોવિંદજી છેડા | ૬૩ | મોટા આસંબિયા | કાંદિવલી |
| પ્રવીણ ધનજી ઘેલા દેઢિયા | ૭૧ | બિદડા | ડોંબિવલી |
| અ.સૌ. રૂક્ષ્મણીબેન તલકશી શામજી સાવલા | ૮૦ | લાખાપુર | અહમદનગર |
| વિનોદ ખીમજી ખેરાજ છેડા | ૬૦ | રતાડિયા ગણેશ | વલસાડ |
| નવીનચંદ્ર રામજી મેઘજી ગડા | ૭૯ | રાયણ | સાંતાક્રુઝ |
| મા. મેઘબાઈ મગનલાલ કાનજી દેઢિયા | ૯૨ | ભોરારા | દહીંસર |
| રાજબાઈ મણિલાલ પ્રેમજી સાવલા | ૯૩ | નવાવાસ | માટુંગા |
| વેજબાઈ શામજી જીવરાજ ગાલા | ૮૬ | કોટડા (રોહા) | મુલુંડ |
| અ.સૌ. ઈન્દુ નરેન્દ્ર કુંવરજી નંદુ | ૬૭ | પુનડી | તિલક નગર |
| પ્રેમજી મેઘજી વેરશી શેઠિયા | ૮૮ | પ્રતાપુર | દહીંસર |
| નલિની નાથાલાલ ચુનીલાલ મેકોની/દેઢિયા | ૯૨ | નાની ખાખર | કોલકાતા |
| અશોક લાલજી જીવરાજ ગાલા | ૭૨ | સમાઘોઘા | સાંતાક્રુઝ |
| વસંત આસુ મુરજી ગંગર | ૭૪ | કાંડાગરા | અંધેરી |
| નવીનચંદ્ર ચંપકલાલ રામજી ગડા | ૭૮ | બિદડા | ચેમ્બુર |
| હીના વીરચંદ દેવશી વોરા | ૫૫ | મંજલ રેલડિયા | ડોંબિવલી |
| ગુલાબ ખેતશી નરશી મારુ | ૬૦ | ડોણ | મઝગાંવ |
| જયાબેન (લાખાપુરનાં લખમશી નપુ શેઠિયાની પુત્રી) | ૭૭ | — | મલાડ |
| દેવચંદ નેણશી હંસરાજ દેઢિયા | ૮૫ | ભુજપુર | ડોંબિવલી ✪ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| શ્રીમતી પ્રભાવતીબેન રમેશ કાનજી શાહ | ૯૪ | નાના ભાડિયા | વડોદરા 👁 ✪ |
| દેવકાંબેન દેવશી ઉમરશી સાવલા | ૧૦૦ | મોટા આસંબિયા | માટુંગા |
| મા. પ્રેમિલાબેન ગાંગજી રતનશી ગાલા | ૭૮ | દેશલપુર (કંઠી) | ડોંબિવલી |
| પ્રભાબેન હંસરાજ કાનજી બોરીચા | ૮૩ | વાંઢ | વિલેપાર્લે |
| કેયુર રમણીકલાલ નાનજી સાવલા | ૩૭ | દેશલપુર (કંઠી) | ડોંબિવલી |
| ડૉ. સુનીલ ડૉ. કુંવરજી ગાંગજી શાહ/નંદુ | ૪૫ | વાંઢ | કાંદિવલી |
| ચુનીલાલ રામજી સોજપાર ગોગરી | ૬૬ | કપાયા | નાલાસોપારા |
| ચંચળબેન છગનલાલ દેવજી ગડા | ૮૧ | બાડા | ડોંબિવલી |
| લીલાવંતી પ્રેમજી શામજી ગાલા | ૮૫ | સાડાઉ | થાણા |
| તારાચંદ હરખચંદ વેલજી મારુ | ૬૨ | શેરડી | અંબરનાથ |
| પુષ્પાબેન નેમજી દામજી સંગોઈ | ૭૬ | કપાયા | કાંદિવલી |
| નવીન દેવજી ભાણજી દેઢિયા | ૭૬ | નાની ખાખર | ઘાટકોપર |
| હરિલાલ મેઘજી જાદવજી નંદુ | ૮૪ | રતાડિયા ગણેશ | ચેમ્બુર |
| ભાઈલાલ લખમશી મેરગ લાલન | ૮૭ | કોડાય | મુલુંડ |
| મીઠાબેન પ્રેમજી હીરજી છાડવા | ૯૨ | મોટા લાયજા | વિક્રોલી |
| મનીષ અરવિંદ લાલજી ગાલા | ૫૩ | કાંડાગરા | કુર્લા |
| ભાનુબેન પોપટલાલ રણશી શાહ/દેઢિયા | ૮૨ | નાની ખાખર | નાની ખાખર |
| ભવાનજી લધુભાઈ રાજપાર શાહ/વોરા | ૮૮ | નવીનાર | કાંદિવલી |
| કિરીટ કેશવજી ભારમલ વોરા | ૫૮ | પ્રતાપુર | મુલુંડ |
| હંસરાજ કુંવરજી નથુ ગડા | ૬૪ | સાભરાઈ | અંબરનાથ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| રસિક મુરજી વેરશી સાવલા | ૬૮ | ફરાદી | થાણા |
| પ્રતીક છગનલાલ ચના ગોસર | ૪૩ | હમલા મંજલ | મુલુંડ |
| ફેનિલ હરેશ શામજી ગાલા | ૨૬ | ડોણ | નાલાસોપારા |
| વલ્લભ ખીમજી શ્રીપાળ દેઢિયા | ૫૮ | ભુજપુર | નાલાસોપારા |
| જયેશ રતિલાલ કાનજી ગંગર | ૬૩ | મોટી ખાખર | સુરત |
| ડૉ. કાંતિલાલ મેઘજી નાનજી સંગોઈ | ૮૫ | ગોધરા | ભાંડુપ |
| પ્રફુલ્લ લક્ષ્મીચંદ રવજી વોરા | ૬૦ | કુંદરોડી | મીરા રોડ |
| રમણીક પ્રેમજી કુંવરજી દેઢિયા | ૭૪ | મેરાવા | દહીંસર |
| મંજુલા વલ્લભજી મોણશી ભેદા | ૭૬ | બેરાજા | મુલુંડ |
| વિશનજી ખીમજી જેઠા ગોસર | ૭૭ | કોટડા રોહા | સાંતાક્રુઝ |
| પ્રેમજી વાલજી ગોવિંદજી મારુ | ૮૫ | ડુમરા | હૈદરાબાદ |
| રામજી લાલજી પાસુ ગાલા | ૬૧ | પ્રાગપુર | કલ્યાણ |
| પંકજ કલ્યાણજી પ્રેમજી છેડા | ૬૪ | ડોણ | ઘાટકોપર |
| જયંત જેવત ચના છેડા | ૮૦ | કુંદરોડી | મુલુંડ |
| લાલજી ભાણજી દેવજી મારુ | ૯૨ | ભોજાય | દહીંસર |
| મા. ચંચળબેન લાલજી હીરજી શાહ (વીરા) | ૯૨ | દેશલપુર (કંઠી) | ઘાટકોપર |
| વીરેન્દ્ર માવજી શામજી શેઢિયા | ૩૫ | લાખાપુર | કુર્લા |
| મહેન્દ્ર દેવજી શામજી ગોગરી | ૭૪ | ભુજપુર | ગાંધીનગર |
| મા. મણિબેન ભાણજી ગાંગજી ગડા | ૭૬ | રાયધણજર | ઘાટકોપર |
| મા. હેમલતા માવજી દેવજી સોની | ૮૧ | બાંભડાઈ | નાલાસોપારા |
| ગં. સ્વ. સુશીલાબેન કાંતિલાલ રતનશી છેડા | ૭૦ | નાના આસંબિયા | પુના |
| નવીનચંદ્ર જગશી ટોકરશી ગોગરી | ૭૭ | ટુંડા | કોલકાતા |
| રસીલા રામજી હરગણ ભેદા | ૯૩ | ગોધરા | વિલે પાર્લે |
| મણિબેન પોપટલાલ પ્રેમજી સાવલા | ૭૬ | રતાડિયા ગણેશ | પરેલ |
| જયંતીલાલ ગાંગજી રતનશી નંદુ | ૭૮ | વાંકી | બોરીવલી |
| પાનબાઈ ટોકરશી વેરશી દેઢિયા | ૯૩ | ગઢશીશા | ગઢશીશા |
| રાજુલ શાંતિલાલ ગાંગજી ગાલા | ૭૪ | ભુજપુર | મુલુંડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અ.સૌ. મિનલ (મોટા આસંબિયાનાં ટીના અનિલ ગાલાની પુત્રી) | ૩૪ | — | દ્વારકા |
| દમયંતી નવીનચંદ્ર દેવજી શાહ/છાડવા | ૭૮ | નાંગલપુર | બોરીવલી |
| કાંતિલાલ પ્રેમજી વીરજી ગાલા | ૭૮ | કપાયા | મલાડ |
| વશનજી મોરારજી નાગશી ગાલા | ૮૯ | ભુજપુર (૮૭) | વિલે પાર્લે |
| અમૃતલાલ જગશી ડુંગરશી છેડા | ૭૦ | રતાડિયા ગણેશ | મલાડ |
| રૂક્ષ્મણી લાલજી નથુ ગાલા | ૭૬ | મોટા આસંબિયા | મલાડ |
| લાલજી ચાંપશી કેશવજી લાલન | ૭૮ | કોડાય | મુલુંડ |
| રમેશ કાનજી હંસરાજ છેડા | ૭૦ | નાના આસંબિયા | પુના |
| કાંતિલાલ શામજી રામજી છેડા | ૮૧ | કાંડાગરા | પ્રભાદેવી |
| હેમંત ચંદ્રકાંત આણંદજી ગાલા | ૬૦ | ગોધરા | નાલાસોપારા |
| મંજુલાબેન ચુનીલાલ વાલજી ખીમસિયા | ૬૮ | પ્રાગપુર | નાલાસોપારા |
| કુસુમ (ભુજપુરનાં હંસાબેન લીલાધર વાલજી દેઢિયાની સુપુત્રી) | ૭૨ | — | બોરીવલી |
| મા. લીનાબેન નાનાલાલ ઉમરશી ગાલા | ૮૨ | મેરાઉ | સાયન |
| મંજુલાબેન પદમશી મણશી નાગડા | ૮૫ | ગઢશીશા | જબલપુર |
| | | | |
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| હરિલાલ લખમશી વીરજી ભેદા | ૭૨ | ભુજપુર | વાશી |
| કરમશી વેલજી ગંગર | ૯૫ | નાંગલપુર | વિલે પાર્લે |
| હેમલતા હસમુખ જેવત દેઢિયા | ૭૨ | કોટડા રોહા | અંબરનાથ |
| અ.સૌ. વંદના હંસરાજ લાલજી વિસરિયા | ૫૩ | બાડા | પરેલ |
| રવિન્દ્ર લક્ષ્મીચંદ માલસી સાવલા | ૭૧ | કોડાય | ગામદેવી |
| પ્રવીણકુમાર ગોવિંદજી જેઠુ દેઢિયા | ૭૩ | હમલા મંજલ | ડોંબિવલી |
| અ.સૌ. લીલાવંતીબેન સુરજી દેવજી સંગોઈ | ૮૮ | ટોડા | ઘાટકોપર |
| હિરેન કલ્યાણજી દેવજી વીરા | ૫૫ | નવાવાસ | દહીંસર |
| કેશવજી કરમશી ખેતશી ગોસર | ૬૫ | ડુમરા | ડોંબિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| વેણીલાલ કરમશી લધા છેડા | ૭૨ | નાના આસંબિયા | વરલી |
| વિશનજી ખેરાજ શિવજી મારુ | ૭૯ | હાલાપુર | સાંગલી |
| શરદ (કોડાયનાં માતુશ્રી ચંદનબેન મણિલાલ લાલનના જમાઈ) | ૬૧ | — | સાંગલી |
| અશ્વિન અમૃતલાલ રવજી ભેદા | ૫૭ | સમાઘોઘા | હૈદરાબાદ |
| શરદકુમાર દેવરાજ કલ્યાણજી મારુ | ૭૮ | હાલાપુર | ઘાટકોપર |
| પ્રેમિલા દિલીપ કોરશી શાહ | ૭૨ | કાંડાગરા | ચેમ્બુર |
| અ.સૌ. પ્રેમિલાબેન ખુશાલ વેલજી છેડા | ૭૨ | બિદડા | મુલુંડ |
| અ.સૌ. કલ્પના મણિલાલ જેઠાલાલ દેઢિયા | ૫૭ | ગુંદાલા | ડોંબિવલી |
| પ્રદીપ પોપટલાલ કુંવરજી શાહ/ગલિયા | ૬૯ | લુણી | પેણ |
| પોપટલાલ દામજી હંસરાજ છેડા | ૮૪ | નાના આસંબિયા | સાયન |
| હસમુખ કલ્યાણજી ગાંગજી ગાલા | ૮૦ | સાડાઉ | થાણા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| રમણીક કુંવરજી શિવજી ગડા | ૭૨ | સાભરાઈ | ઘાટકોપર |
| હીરજી આશારિયા કાંથડ ગડા | ૯૧ | ભોજાય | સાયન |
| અ.સૌ. ઈંદું હરિલાલ રતનશી શાહ/મોતા | ૭૬ | નવીનાર | માટુંગા ૫ દિવસ સંલેખણા |
| દુર્ગેશ મેઘજી ધનજી છેડા | ૬૭ | મોટા લાયજા | મુલુંડ |
| અશોક પોપટલાલ ઉમરશી ફુરિયા | ૫૭ | બિદડા | ઘાટકોપર |
| ઝવેરી કુંવરજી ઠાકરશી દેઢિયા | ૭૨ | કપાયા | વલસાડ |
| સંજય કુંવરજી ગાંગજી ગડા | ૫૩ | નારાણપુર | મુલુંડ |
| ધનજી ઘેલાભાઈ વાલજી ગાલા | ૬૭ | લાકડિયા | માટુંગા |
| વર્ષા પ્રફુલ્લ લાલજી ધરોડ | ૬૩ | પત્રી | થાણા |
| રમીલા રમણીક પ્રેમજી વીરા | ૭૬ | નાની ખાખર | બીજાપુર |
| મા. ખેતબાઈ વીરજી મોના ફુરિયા | ૯૪ | છસરા | બોરીવલી |

## 13th August - World Organ Donation Day

અંગદાન કોણ અને કઈ ઉંમર સુધી કરી શકે ? શું બીમાર વ્યક્તિ અંગદાન કરી શકે ? અંગદાન અંગેના તમામ પ્રશ્નોના જવાબ વાંચો.

**WORLD ORGAN DONATION DAY:** વિશ્વ અંગદાન દિવસ ૧૩ ઑગસ્ટના રોજ ઊજવાય છે, એક વ્યક્તિના અંગદાનથી ૮ થી ૯ લોકોને નવજીવન મળી શકે છે. નૅશનલ હેલ્થ પોર્ટલ મુજબ ભારતમાં લોકોને યોગ્ય સમયે અંગો ન મળવાને કારણે દર વર્ષે ૫ લાખ લોકો મૃત્યુ પામે છે, જેમાંથી લીવરના અભાવે જીવ ગુમાવનાર લોકોની સંખ્યા લગભગ ૨ લાખ જેટલી છે.

માનવઅંગોના દાન વિશે જાગૃતિ ફેલાવવા દર વર્ષે ૧૩ ઑગસ્ટના રોજ વિશ્વ અંગદાન દિવસ ઊજવાય છે.

**WHO CAN DONATE ORGANS AND AGE LIMIT:** માનવ શરીર અત્યંત સુવ્યવસ્થિત રીતે કામગીરી કરે છે, જેમાં આપણા શરીરનાં દરેક અંગ શરીરની કામગીરી માટે અલગ અલગ રીતે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બીજી તરફ જો શરીરના કોઈ પણ અંગમાં કોઈ પ્રકારની સમસ્યા હોય તો વ્યક્તિ ધીરેધીરે બીમાર થવા લાગે છે તેમ જ શરીરના કોઈ પણ અંગનું કામ ન કરવું એ પણ જીવલેણ સાબિત થઈ શકે છે.

આ જ કારણસર ભારતમાં ઓર્ગેન ફેલિયોરના કારણે મૃત્યુના આંકડા ચિંતાજનક છે. જો કે આજના સમયમાં મેડિકલ સાયન્સે એટલી પ્રગતિ કરી લીધી છે કે જો કોઈ અંગમાં ખામી સર્જાય, અંગ ખરાબ થઈ જાય અથવા યોગ્ય રીતે કામગીરી ન કરે તો તેને બદલીને તેના સ્થાને નવું અંગ આપીને વ્યક્તિનો જીવ બચાવી શકાય છે, પરંતુ કમનસીબે હજુ પણ લોકો આ બાબતે જાગૃત નથી.

## અંગદાન કેમ જરૂરી છે ?

નૅશનલ હેલ્થ પોર્ટલ અનુસાર, ભારતમાં દર વર્ષે પ લાખ લોકો મૃત્યુ પામે છે, કારણકે તેઓ યોગ્ય સમયે અંગ મેળવી શકતા નથી. તેમાંથી લગભગ ૨ લાખ લોકો આવા છે, જેમનું મૃત્યુ લીવર ન મળવાને કારણે થાય છે. એવામાં તમારું અંગદાન કરવાનો નિર્ણય કોઇ પણ વ્યક્તિને નવું જીવન આપી શકે છે. અહીંયીં અંગદાન સંબંધિત વારંવાર પૂછવામાં આવતા કેટલાક સામાન્ય પ્રશ્નોના ઉત્તર આપવામાં આવ્યા છે. સામાન્ય સંજોગોમાં એક વ્યક્તિના અંગદાનથી સરેરાશ ૮ થી ૯ વ્યક્તિને નવજીવન મળી શકે છે.

આ પહેલાં તમને જણાવી દઈએ કે અંગદાન બે પ્રકારના હોય છે. પ્રથમ જીવંત દાતા જેમાં વ્યક્તિ જીવિત હોય ત્યારે તે તેના અંગો જેમ કે કિડની વગેરેનું દાન કરી શકે છે અને બીજા રોગગ્રસ્ત દાતા જેમાં વ્યક્તિના મૃત્યુ પછી તેમનાં અંગો અને ટિશ્યુનું દાન કરવામાં આવે છે.

## કઈ ઉંમરની વ્યક્તિ અંગદાન કરી શકે છે ?

અંગદાન માટે જીવિત દાતાની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઈએ. જ્યારે મહત્તમ ઉંમર વ્યક્તિની શારીરિક સ્થિતિના આધારે નક્કી થાય છે. બીજી તરફ, જો તમે આંખો કે ટિશ્યુ દાન કરવા માંગતા હોવ તો તેને ઉંમર સાથે કોઈ લેવાદેવા નથી.

## કયા અંગો અને ટિશ્યુનું દાન કરી શકાય છે ?

વ્યક્તિ યકૃત, કિડની, સ્વાદુપિંડ, હૃદય, ફેફસાં, આંતરડાં, કોર્નિયા, અસ્થિમજ્જા અને વેસ્ક્યુલરાઇઝ્ડ કૉમ્પોઝિટ એલોગ્રાફ્ટ્સ, જેમ કે ચામડી, ગર્ભાશય, અસ્થિ, સ્નાયુઓ, ચેતા અને જોડાયેલી પેશીઓ વગેરેનું દાન કરી શકે છે. આ દાન કરેલાં અંગો મેળવનાર વ્યક્તિના જીવનને બચાવવામાં મદદ કરે છે.

## અંગદાન કોણ ન કરી શકે ?

તબીબી ક્ષેત્રે અમુક લોકોને અંગદાન કરવાની મનાઈ કરી છે, જેમાં કોઈ ગંભીર બીમારીથી પીડિત-જેમ કે કૅન્સર, એચઆઇવી, કોઈ ગંભીર ચેપી રોગ, ઇન્ટ્રા વેનસ (IV), અસ્થમા વગેરે જેવી બીમારી હોય તેઓ અંગદાન કરી શકતા નથી.


network
techlab
Adding Values to Work
"OOPS!
ANOTHER POWER CUT!"
India's most chanted sermon during monsoons. But don't lose hope. While we may not have a savior in shining armor to miraculously bring back the electricity, we do have a powerful solution: UPS systems.
Why Choose Our UPS Systems?
Uninterrupted Productivity
Superior Protection
Energy Efficiency
Easy Installation and Maintenance
EASY TO INSTALL
Don't let power cuts dim your productivity and peace of mind. Embrace the era of UPS systems and ensure that you are always powered up, no matter what.
info@netlabindia.com
+91 88790 04536

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) AUGUST 2024 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.સેવા સમાજ 75 સમાજ ઉત્કર્ષના સાતત્યભર્યા ૭૫ વર્ષ સંપ, સંગઠન, સમર્પણ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

